દાદા ભગવાન કથિત

વ્યસન મુક્તિનો માર્ગ



દાદા ભગવાન કથિત

વ્યસન મુક્તિનો માર્ગ

સંકલન : દીપકભાઈ દેસાઈ

પ્રકાશક	: **શ્રી અજિત સી. પટેલ** **દાદા ભગવાન વિજ્ઞાન ફાઉન્ડેશન,** ૧, વરુણ એપાર્ટમેન્ટ, ૩૭, શ્રીમાળી સોસાયટી, નવરંગપુરા પોલીસ સ્ટેશન સામે, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૦૯, ગુજરાત. **ફોન :** +૯૧ ૭૯ ૩૫૦૦ ૨૧૦૦, +૯૧ ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭

કોપીરાઈટ	: © Dada Bhagwan Foundation, 5, Mamta Park Society, B/h. Navgujarat College, Usmanpura, Ahmedabad - 380014, Gujarat, India. Email : info@dadabhagwan.org Tel. : +91 9328661166/77

All Rights Reserved. No part of this publication may be shared, copied, translated or reproduced in any form (including electronic storage or audio recording) without written permission from the holder of the copyright. This publication is licensed for your personal use only.

પ્રથમ આવૃત્તિ	: ૫,૦૦૦ નવેમ્બર, ૨૦૨૩
ભાવ મૂલ્ય	: **'પરમ વિનય' અને** **'હું કંઈ જ જાણતો નથી', એ ભાવ !**
દ્રવ્ય મૂલ્ય	: **૨૦ રૂપિયા**
મુદ્રક	: અંબા મલ્ટિપ્રિન્ટ, એચ.બી.કાપડીયા ન્યુ હાઈસ્કૂલની સામે, છત્રાલ - પ્રતાપપુરા રોડ, છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯, ગુજરાત. **ફોન :** +૯૧ ૭૯ ૩૫૦૦ ૨૧૪૨
ISBN	: 978-93-91375-81-2

Printed in India

ત્રિમંત્ર





નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં
એસો પંચ નમુક્કારો;
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં;
પઢમં હવઈ મંગલં ॥૧॥
ૐ નમો ભગવતે વાસુદેવાય ॥૨॥
ૐ નમઃ શિવાય ॥૩॥
જય સચ્ચિદાનંદ





'દાદા ભગવાન' કોણ ?

જૂન ૧૯૫૮ની એ સમી સાંજનો છએક વાગ્યાનો સમય, ભીડમાં ધમધમતા સુરતના સ્ટેશન પર બેઠેલા એ.એમ.પટેલ રૂપી દેહમંદિરમાં 'દાદા ભગવાન' સંપૂર્ણપણે પ્રગટ થયા અને કુદરતે સર્જ્યું અધ્યાત્મનું અદ્‌ભુત આશ્ચર્ય ! એક કલાકમાં એમને વિશ્વદર્શન લાધ્યું ! 'હું કોણ ? ભગવાન કોણ ? જગત કોણ ચલાવે છે ? કર્મ શું ? મુક્તિ શું ?' ઈત્યાદિ જગતના તમામ આધ્યાત્મિક પ્રશ્નોનાં સંપૂર્ણ ફોડ પડ્યા.

એમને પ્રાપ્તિ થઈ તે જ રીતે માત્ર બે જ કલાકમાં, મુમુક્ષુઓને પણ જ્ઞાનપ્રાપ્તિ કરાવી આપતા, એમના અદ્‌ભુત જ્ઞાનપ્રયોગથી ! એને 'અક્રમ માર્ગ' કહ્યો. ક્રમ એટલે પગથિયે પગથિયે, ક્રમે ક્રમે ઊંચે ચઢવાનું. અક્રમ એટલે ક્રમ વિનાનો, લિફ્ટ માર્ગ ! શોર્ટકટ !

તેઓશ્રી સ્વયં પ્રત્યેકને 'દાદા ભગવાન કોણ ?'નો ફોડ પાડતા કહેતા કે, ''આ દેખાય છે તે 'દાદા ભગવાન' ન્હોય, અમે તો જ્ઞાની પુરુષ છીએ અને મહીં પ્રગટ થયેલા છે તે દાદા ભગવાન છે, જે ચૌદ લોકના નાથ છે. એ તમારામાંય છે, બધામાંય છે. તમારામાં અવ્યક્તરૂપે રહેલા છે ને 'અહીં' અમારી મહીં સંપૂર્ણપણે વ્યક્ત થયેલા છે. હું પોતે ભગવાન નથી. મારી અંદર પ્રગટ થયેલા દાદા ભગવાનને હું પણ નમસ્કાર કરું છું.''

આત્મજ્ઞાન પ્રાપ્તિની પ્રત્યક્ષ લિંક

પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી)ને ૧૯૫૮માં આત્મજ્ઞાન પ્રગટ થયું. ત્યાર પછી ૧૯૬૨ થી ૧૯૮૮ સુધી દેશ-વિદેશ પરિભ્રમણ કરીને મુમુક્ષુ જીવોને સત્સંગ તથા આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરાવતા હતા.

દાદાશ્રીએ પોતાની હયાતીમાં જ આત્મજ્ઞાની પૂજ્ય ડૉ. નીરુબેન અમીન (નીરુમા)ને આત્મજ્ઞાન પ્રાપ્તિ કરાવવાની જ્ઞાનસિદ્ધિ આપેલ. દાદાશ્રીના દેહવિલય બાદ પૂજ્ય નીરુમા તે જ રીતે મુમુક્ષુ જીવોને સત્સંગ તથા આત્મજ્ઞાનની પ્રાપ્તિ નિમિત્ત ભાવે કરાવતા હતા.

આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈ દેસાઈને પણ દાદાશ્રીએ સત્સંગ કરવા માટે સિદ્ધિ આપેલ. વર્તમાનમાં પૂજ્ય નીરુમાના આશીર્વાદથી પૂજ્ય દીપકભાઈ દેશ-વિદેશમાં નિમિત્ત ભાવે આત્મજ્ઞાન કરાવી રહ્યા છે.

આ આત્મજ્ઞાન મેળવ્યા બાદ હજારો મુમુક્ષુઓ સંસારમાં રહીને સર્વ જવાબદારીઓ પૂરી કરતાં પણ અંદરથી મુક્ત રહી આત્મરમણતા અનુભવે છે.

સંપાદકીય

વ્યસનમાંથી મુક્ત થવું એટલે અત્યંત કઠિન ! આ માન્યતા વ્યસનમાં ઝલાયેલા સર્વ લોકોને હશે જ ! પછી એ ડ્રગ્સ, આલ્કોહૉલ જેવું મહાજોખમી વ્યસન હોય કે સિગરેટ-પાન-ચા જેવું અન્ય વ્યસન. જેને વ્યસન છોડવું જ છે, તેને છોડવાના પ્રયત્ન ઘણી વખત કર્યા બાદ પણ પ્રયત્નોમાં જ્યારે સફળતા મળતી નથી ત્યારે આ માન્યતા ગાઢ થયા જ કરે છે. અને અંદર વણઉકેલ્યા પ્રશ્નો રહ્યા જ કરે છે, કે મારે તો છોડવું છે તો છૂટતું કેમ નથી ? થોડો સમય છૂટે છે પણ ફરી વળગી કેમ પડે છે ?

આ અર્થે વ્યસન એ ખરેખર શું છે, કઈ રીતે પેસે છે, એનો આધાર શું છે, આધાર ખસેડવા શી રીતે વિગેરેની વિસ્તૃત સમજણ પરમ પૂજ્ય દાદા ભગવાન અત્રે ખુલ્લી કરે છે. તેઓશ્રી કહે છે, કે ઝેરને ખરેખર ઝેર જાણે તો એ અડે જ નહીં ! તો વ્યસન એ કઈ રીતે જોખમી છે, એની વિગતવાર સમજણ ફિટ કરાવી દે છે, કે જે સાચી સમજણ જ વ્યસન માટેનો એનો અભિપ્રાય ફેરવીને એક દિવસ એને એમાંથી મુક્ત કરીને રહેશે.

બીજી બાજુ વ્યસનમાં સુખ જ લાગે છે એવા વ્યક્તિને પણ પ્રશ્નો રહ્યા કરે છે, કે મને આમાંથી સુખ લાગે જ છે, તો એનું શું ? વ્યસન ખોટું છે એવું દૃઢપણે નક્કી નથી થતું, તો શું કરવું ? તેને માટે દાદાશ્રી કહે છે, કે આ આનંદ ખરેખર વ્યસન નથી આપતા. તમે જ તમારા સુખના ક્વોટામાંથી આજે સુખ ખેંચી લાવીને વાપરો છો, પછી ભવિષ્યમાં એ સુખ ખૂટી પડશે. આ તો તમે આનંદ મેળવતા નથી પણ ખરેખર તો ખોવો છો.

દારૂ જેવા નશાયુક્ત પીણાં સામે દાદાશ્રી લાલબત્તી ધરે છે કે, આ વ્યસન તો મનુષ્યને બેભાન કરે છે ને મનુષ્યમાંથી જાનવરગતિ તરફ લઈ જાય છે. તેમ જ એમાં ભારોભાર હિંસા રહેલી છે. ડેવલપ પ્રજાએ તો આ અડવા જેવું જ નથી. અન્ય વ્યસનના જોખમો સમજાવતા કહે છે, બીડી-

સિગરેટ-તમાકુ શરીરને નુકસાન કરે છે, કૅન્સર જેવા રોગો ઊભા કરે છે, તેમ જ ઈમોશનલ કરે છે. ચાનું વ્યસન પણ મનને ચંચળ કરે છે. છતાં દારૂ જેવા વ્યસનમાંથી છૂટાતું ન હોય તો પાન-સોપારી કે સિગારેટ જેવા નાના વ્યસન પર આવી જઈને દારૂમાંથી તો ત્વરિત છૂટી જવા જેવું જ છે. ત્યારબાદ અન્ય વ્યસનમાંથી પણ સ્ટેપીંગથી ધીમે ધીમે છૂટી જવું.

વ્યસન માત્ર માણસની સ્વતંત્રતા પર તરાપ મારે છે ને પરવશ કરી દે છે. આવું વ્યસનના તાબામાં આપણે રહેવું પડે ને એના પરતંત્ર રહેવું પડે એ શીદને પોસાય ? આવા વ્યસનના જાળાંમાં ફસાયેલા સહુ કોઈ કાજે આ દાદાઈ જ્ઞાનવાણી એક નવા જ ઉપાયો ધરનાર જ્ઞાનપ્રકાશ બની રહેશે.

આ પુસ્તકમાં દાદાશ્રીએ વ્યસનમાંથી મુક્ત થવાના વિવિધ ઉપાયો દર્શાવ્યા છે. જેમાંનો એક ઉપાય છે, ચાર સ્ટેપની અનોખી રીત, જેમાં (૧) વ્યસન એ ખોટું છે એનો દૃઢ નિશ્ચય રાખીએ, (૨) કઈ રીતે ખોટું છે એની વિગત એકત્રિત કરી જાગૃતિમાં રાખીએ, (૩) નક્કી કર્યા છતાં જેટલી વાર ફરીથી વ્યસન થાય એટલી વાર પ્રતિક્રમણ-પ્રત્યાખાન કરીએ અને (૪) કોઈ એના માટે ભૂલ કાઢે, અપમાન કરે તોય એનું રક્ષણ ન કરીએ.

અને જે હજુ વ્યસનથી ગ્રસ્ત નથી થયા તેને પણ ચેતવતા દાદાશ્રી કહે છે, કે વ્યસનમાં લપસાવનાર મોટું નિમિત્ત છે, વ્યસનીની સોબત ! એ સંગ તમને ક્યારે વ્યસનમાં ફસાવી દેશે એનો ભરોસો નહીં. માટે એ કુસંગથી ચેતતા રહેવા જેવું છે.

જેને પોતાને વ્યસન છે એ વ્યક્તિ માટે તો આ પુસ્તકમાંથી ઘણી બધી ચાવીઓ મળશે જ પણ સાથે સાથે પોતાની નજીકની વ્યક્તિઓમાં અથવા કુટુંબમાં કોઈને વ્યસન છે, તો એની સાથે પોતે કઈ સમજણ સાથે વ્યવહાર કરવો, એ અંગે દાદાશ્રીએ અર્પેલી સમજ પણ નવો જ દૃષ્ટિકોણ બક્ષશે. જેથી કરીને પોતાને રાગ-દ્વેષ ના રહે અને સામી વ્યક્તિને પણ વ્યસનમાંથી બહાર નીકળવા માટેની પૉઝિટિવ સાઈન થાય.

વિવિધ વ્યસનો ધરાવનાર વ્યક્તિઓના મૂંઝવતા પ્રશ્નોના સમાધાનરૂપે નિમિત્તાધીન દાદાશ્રીની જ્ઞાનવાણી નીકળી છે. જેને અત્રે એકસૂત્રતા લાગે અને વાચકને વ્યસનમાંથી છૂટવાનો પદ્ધતિસરનો ઉકેલ મળે એ રીતે સંકલન કરવાનો પ્રયત્ન કર્યો છે, જેમાં ક્યાંક ક્ષતિ ભાસે તો તે જ્ઞાનવાણીની નહીં પરંતુ સંકલનાની જ ક્ષતિ હોઈ શકે છે. તે અર્થે હૃદયપૂર્વક ક્ષમા યાચના.

- જય સચ્ચિદાનંદ

અનુક્રમણિકા

[૧] વ્યસન એ શું છે ? વ્યસન કોને કહેવાય ? ૧

[૨] વ્યસન કઈ રીતે પેસે છે ? ૪

[૩] વ્યસનના જોખમ ને પરિણામ ૮

[૩.૧] ચા, બીડી વિગેરે વ્યસનોના જોખમ ને પરિણામ ૮

[૩.૨] આલ્કોહૉલિક ડ્રિંક્સ મહાજોખમકારી ૧૧

[૩.૩] વ્યસનીનો સંગ એ મોટું જોખમ ૨૨

[૪] વ્યસનોથી છૂટી શકાય ? ૨૫

[૫] વ્યસનોથી છૂટવાના પ્રાથમિક ઉપાય ૨૮

[૫.૧] દારૂના વ્યસનથી છૂટવાના ઉપાય ૨૮

[૫.૨] અન્ય વ્યસનોમાંથી છૂટવાના ઉપાય ૩૧

[૬] વ્યસનોથી છૂટવા 'ચાર સ્ટેપ'નો અનોખો રસ્તો ૩૩

[૭] ફેમિલીમાં કોઈને વ્યસન હોય તો... ૪૦

[૮] અક્રમ વિજ્ઞાનની દેણ, વ્યસનીને વાળ્યા મોક્ષમાર્ગે ૪૩

નોંધ : આત્મજ્ઞાન પામેલા મહાત્માઓએ વ્યસનથી છૂટવા વિગતવાર સમજ માટે વિસ્તૃત પુસ્તક 'વ્યસન મુક્તિની વૈજ્ઞાનિક રીત' વાંચવું. અત્રે આ પુસ્તકમાં વિસ્તૃત પુસ્તકમાંથી ફક્ત અમુક ભાગ લીધેલ છે.

વ્યસન મુક્તિનો માર્ગ

[૧] વ્યસન એ શું છે ? વ્યસન કોને કહેવાય ?

શરીરને અન્આવશ્યક ખોરાક તે વ્યસન

પ્રશ્નકર્તા : દાદા, વ્યસન એટલે શું ?

દાદાશ્રી : વ્યસન એટલે શું ? 'વ્યસન' શબ્દ એ તો શેમાંથી બનેલો છે ? અસનમાંથી વ્યસન બનેલો છે. આ શરીરને આવશ્યક એનું નામ 'અસન' કહેવાય અને અન્આવશ્યક એનું નામ 'વ્યસન' કહેવાય. અસન એટલે ખાવું અને વ્યસન એટલે વિશેષ ખોરાક, વિશેષ અસન. અતિરેક, જેની જરૂર નથી. જેના વગર શરીર ચાલે એવું છે. ખોરાકની, અસનની જરૂર છે, પણ વ્યસનની જરૂર નથી. આ બીડીની ખાસ નેસેસિટી (જરૂરિયાત) નથી, તેને તમે શું કરવા સંઘરો છો ? ચા, બીડી, પાન-તમાકુ વગેરે જેના વિના ચાલે તેમ છે, તેને લોકો વ્યસન કહે છે.

પ્રશ્નકર્તા : આપણે પણ બહુ મૂવી જોવાનું વ્યસન પડ્યું હોય તો ?

દાદાશ્રી : તેનો વાંધો નહીં, મૂવી જોવાનું એ વ્યસન ના કહેવાય. વ્યસન એટલે ઈન્ટૉક્સિકેશન (નશો) છે જેમાં, કે જેના વગર આપણને છૂટકો જ ના થાય. આપણને પરવશ જ બનાવી દે. પોતાને વશ કરી લે એનું નામ વ્યસન. અને પેલું ટૉકિઝમાં તો આપણે પેલા ફ્રેન્ડ આવે તો ના જવું હોય તો ના જઈએ. એને વ્યસન નથી કહેવાતું, એ તો આદત પડી ગઈ કહેવાય છે.

પ્રશ્નકર્તા : તો એ વ્યસનને આદત કેમ ન કહેવાય અને મૂવી જોવાને આદત કેમ કહેવાય ?

દાદાશ્રી : આદત એટલે જેમાં મનનો ખોરાક હોય, પણ દેહ ને વાણીનો ખોરાક ના હોય. આ વ્યસનમાં તો દેહનો ખોરાક હોય છે. આ સિનેમા વ્યસન ના કહેવાય, એ આદત કહેવાય. વ્યસન તો અહીંથી પીવું પડે આપણે. બાહ્ય વસ્તુને આદત કહેવાય. શરીરને લાગતું-વળગતું હોય તે વ્યસન કહેવાય.

પ્રશ્નકર્તા : આ વ્યસન અને આદત, આ બેનું ડિમાર્કેશન બહુ સૂક્ષ્મ છે, કોઈને ખ્યાલ ના આવે.

દાદાશ્રી : ના હોય એ તો. વ્યસન શું છે, એવું જગતને ભાન જ ના હોય ને ! આદતને વ્યસન કહે, વ્યસનને આદત કહે. લોક ઊંધું કહે.

ઈન્ટૉક્સિકેટેડ વસ્તુઓનું વ્યસન થાય

પ્રશ્નકર્તા : દાદા, તો પછી વ્યસનમાં તો બધું જ્ઞાનતંતુઓનું થયું ને ?

દાદાશ્રી : જ્ઞાનતંતુનું વ્યસન. આ જુઓ, બીડી-ચા-દારૂ... આ સોપારીયે થોડી જ્ઞાનતંતુના વ્યસન જેવું છે. જ્ઞાનતંતુઓને ચાના સ્વભાવની અસર થાય છે. ચા જ્ઞાનતંતુની અસરવાળી છે. પણ બીડી જેટલી અસરવાળી નથી. બીડી તો બહુ અસરવાળી છે, તમાકુને લીધે. તમાકુ તો મોઢામાં ખાતો હોય ને, તેય અસરવાળું છે. છીંકણી સૂંઘતો હોય તેય અસરવાળું છે. આ જ્ઞાનતંતુને અસરવાળી વસ્તુઓ છે આ બધી. અને દૂધ પીતા હોય સવારમાં, તે જ્ઞાનતંતુને અસરવાળી નહીં. તે દૂધ પીવાનું રહી ગયું હોય તો બૂમાબૂમ ના થાય. દૂધનું વ્યસન ન પડે. ઈન્ટૉક્સિકેટેડ છે વસ્તુઓ, તેનું વ્યસન પડે. દહીં ખાવ, દૂધ ખાવ, આઈસ્ક્રીમ ખાવ, તેનો વાંધો નથી. આ છે તે છાશ પીવો, બધી ઘણી ચીજો છે. એ ટેવવાળી વસ્તુ નહીં ને ! ઈન્ટૉક્સિકેશન નહીં ને ! ચાની ટેવ પડી જાય, સિગરેટની ટેવ પડી જાય. ટેવ એટલે હેબિચ્યુએટેડ, જેના

વગર ના ચાલે. ટેવ ન હોવી જોઈએ. અગર તો ટેવ પેસી ગઈ હોય, તો એને ધીમે ધીમે ઓછી કરવી, અગર તો કાઢી નાખવી.

અનોખી શોધખોળ, રોગ કરાવે છે વ્યસન

પ્રશ્નકર્તા : દાદા, આપે કહ્યું ને, કે ચા-સિગરેટની ટેવ પડી જાય, તો એને વ્યસન ગણવું કે ટેવ ?

દાદાશ્રી : એ ખરેખર વ્યસન, ટેવ આ જગતના લોક કહે, પણ અમે તો એને રોગ જ કહીએ. ટેવ કોને કહેવાય છે ? કે જે છોડી શકાય. અને આ તો દારૂને કહે છે એની ટેવ પડી. અરે મૂઆ, ટેવ-બેવ હોતી હશે ? ઊલટાનો કરુણા ખાવા જેવો માણસ છે, શું કરવા આવું કહો છો બિચારાને ? લોકો કહે છે, ટેવો છોડી દો, છોડી દો. અરે, શી રીતે છૂટે તે ? જે છોડી છૂટે તે 'ટેવ' કહેવાય અને છોડી છૂટે નહીં એ 'રોગ' કહેવાય. આ સમજાય નહીં એટલે પછી લોકો આવું નામ પાડે કે ટેવ-કટેવ પડી છે.

એક માણસ દારૂ પીવે છે તેય રોગ છે ને આ હુક્કો પીવે છે તેય રોગ છે ને બધા વ્યસન છે તેય રોગ છે. અને દાક્તરો ને આખું જગતેય શું જાણે કે 'વ્યસન વગર કામનો તું કરું છું.' અલ્યા મૂઆ, રોગ છે. વગર કામનું કરતા હોય તો બીજે દહાડે છૂટી જાય. જ્યારે બંધ કરવું હોય તો બંધ થાય. તે રોગ છે તે શું થાય તે ? હવે આ બીડીઓ પીવે છે, તે એ બીડીઓથી મહીં જે રોગ ઊભો થાય છે, એ રોગ જ એને બીડી પિવડાવે છે. હવે આ જે વાયડો માણસ હોય ને, તે આપણે ખાતી વખતે તપાસ કરીએ તો મૂઓ વાયડું જ ખાતો હોય એ. કારણ કે વાયડો છે માટે આ વાયાવાળી (વાયુવાળી) ચીજો ખાય છે. એટલે આ રોગ જ ખાય છે, રોગ દારૂ પીએ છે, રોગ આ બીડીઓ પીવે છે, રોગ સિગરેટ પીવે છે. બધું રોગ જ કરી રહ્યું છે. હવે જો એ રોગ નાશ કરવામાં આવે તો બીડી બંધ થઈ જાય. માટે આ વ્યસનને છોડ્યું છોડાય તેમ નથી. પણ એ રોગ છે, એને જો દવા આપવામાં આવે તો એ મટી જાય.

વ્યસનો એ વ્યસનો નથી, પણ રોગ છે. એ રોગ અમુક હદ સુધી થયેલો હોય ત્યાં સુધી છૂટી શકે. પછી એ રોગ વધી ગયો, પછી એ રોગ જ છે તે એને પકડી લે. પણ વ્યસન એ રોગ છે, એ અમે કહેલું. હજુ ફૉરેનનું લોક જાણતું નથી, એ રોગ છે. જો રોગ હોય તો દવા ખોળી કાઢે, એ જાણે તો. સિગરેટ પીવે છે તે શું છે ? જ્ઞાનતંતુની નબળાઈનો રોગ છે. હવે જ્ઞાનતંતુની દવા આપવામાં આવે તો જ સિગરેટ બંધ થાય. રોગ મટી જાય તો એ કટેવ છૂટી જાય. એ અમારી શોધખોળ છે ! કોઈને અમુક પ્રકારના, કોઈને અમુક પ્રકારના રોગ હોય. રોગ હોય એની દવા થાય. અમે તે રોગની દવા ખોળી કાઢીશું !

[૨] વ્યસન કઈ રીતે પેસે છે ?

વ્યસન એ પોતાની ઈચ્છાનું પરિણામ

પ્રશ્નકર્તા : દાદા, વ્યસનો આમ સહજ રીતે ચાલ્યા કરતા હોય છે.

દાદાશ્રી : વ્યસનો આપખુદી (જોરજુલમ) છે. આ શરીર ઉપર આપખુદી (પોતાનો સર્વોપરી અધિકાર) કરતા હોય તો વ્યસનરૂપે.

પ્રશ્નકર્તા : તે સહજભાવ નથી ? એમાં સહજભાવ નથી ?

દાદાશ્રી : પછી સહજ થઈ જાય. પહેલી પોતે આપખુદી કરે, પછી સહજ થાય. શરીરનો સ્વભાવ તો બિચારો જેવી ટેવ પાડો એવું એ રસ્તે દોડે પછી. પણ પોતે આપખુદી કરે છે. શરીર ઉપર પોતે આપખુદી નહીં કરવાની.

પ્રશ્નકર્તા : વ્યસનમાં પડવાની અંદરથી ઈચ્છા નથી હોતી પણ છતાં પડી જવાય છે.

દાદાશ્રી : ઘરમાંથી બહાર ના નીકળવું હોય તમારે, તો નીકળી જવાય ખરું ? જતું રહેવાય પછી બહાર ?

પ્રશ્નકર્તા : એની મેળે તો ના નીકળાય.

દાદાશ્રી : ઈચ્છા ના હોય તો કશુંય ના થાય. બીડી એ ઈચ્છાનું પરિણામ છે. ઈચ્છા હોય તો બીડી પીવે, નહીં તો ના પીવે કોઈ દહાડો. દારૂયે ઈચ્છાવાળો દારૂ પીવે, ના ઈચ્છા હોય એ ના પીવે. ઈચ્છા કરનારો બેઠો છે એટલે આ બધા જાળાંમાં ફસાયા કરે છે. ઈચ્છા જ ના થાય એને કાંઈ નહીં.

પ્રશ્નકર્તા : અત્યારે ઈચ્છાઓ જે થાય છે, એ તો ઑટોમૅટિક (એની મેળે) થઈ જાય છે, તે એનું આપણે શું કરી શકીએ ?

દાદાશ્રી : અત્યારે કરતા નથી પણ પહેલા કરતા'તા ખરા ને ? કર્યા વગર ઈચ્છા કેમ કરીને થાય ? તમને બીડી પીવાની ઈચ્છા હોય તો બીડી પીતા હોય અને બીડી પીવાની ઈચ્છા ના હોય તો ના પીવે. બીડી પીવાની ઈચ્છા ના હોય, એને એવું કર્મ હોય નહીં. ઈચ્છાવાળાને એવું કર્મ હોય અને ના ઈચ્છાવાળાને એવું કર્મ હોય.

દાર્શનિક પુરાવા ભેગા થતા લફરું વળગી જાય

આ ભાઈને કેટલાય લફરાં પેસી ગયા છે ! સિગરેટ ને બિગરેટ ને બધા, કેટલાય લફરાં ! પુરાવા ભેગા થતા લફરું વળગી જાય. એવિડન્સ બધા ભેગા થાય તે લફરું વળગી જાય.

પ્રશ્નકર્તા : પુરાવા ભેગા થતા. પુરાવા એટલે ?

દાદાશ્રી : આ બીડી છે એ એક લફરું કહેવાય. તે પુરાવા શું શું ભેગા થાય ? પહેલું એવું ફ્રેન્ડ સર્કલ મળે, એટલે પેલો ના પીતો હોય તે કહે, 'મને તો માથું ચડી જાય છે.' ત્યાર પછી પેલો કહે, 'થોડી તો પી, બે દમ માર.' એમ કરાવતા કરાવતા આખો દમ મરાવડાવે. એમ કરતું કરતું લફરું વળગી જાય પેલાને. આ પુરાવા બધા ભેગા થાય એટલે પછી લફરું વળગી જાય. અને સારા માણસોના ભેગો ગયો હોય, બીડીઓ ના પીતા હોય ત્યાં ગયો હોય તો વળગે ? તે આ પુરાવા બધા ભેગા થાય ત્યારે લફરું વળગે. દાર્શનિક પુરાવા હં, પેલા સરકમસ્ટેન્શિયલ એવિડન્સ (સાંયોગિક પુરાવા) નહીં. દાર્શનિક પુરાવા ! તમારે કૉર્ટમાં

દાર્શનિક પુરાવા લેવામાં આવે છે ને ? આંખે દેખાતા પુરાવા ને ? તે આયે દાર્શનિક પુરાવા.

પ્રશ્નકર્તા : આ વ્યસનની ટેવો જે પડે છે, તે ચિત્તના આધારે પડેલી છે ?

દાદાશ્રી : એ ચિત્તના આધારે પડેલી છે, પણ ચિત્ત તો બધાને હોય જ. ચિત્ત તો અત્યારેય છે જ ને ? અત્યારે કેમ ટેવ નથી પડતી ? આ ઊંધું જોવાથી પડે છે. આ જગતનું બધું દેખવાનું ઊંધું હોય છે ને, તે ઊંધું જુએ કે ટેવ પડે. પછી નીકળે નહીં.

પ્રશ્નકર્તા : દેખાદેખીથી ટેવ પડે છે ?

દાદાશ્રી : હા. અને કંઈ હિતકારી-અહિતકારી જુએ છે ? પેલો કહે, 'એક તો લે, એક તો લે', ત્યારે કહે, 'હા, લઈશ...' એમાં અહંકાર કરે છે, 'લે હું પણ ફૂંક મારું.' પેલો કહે છે, 'માર ફૂંક આમ', તે મારે ફૂંક પહેલી. પહેલી તમરી-બમરી ચઢે માથામાં પહેલા. પણ ગાંઠે નહીં, એટલે પછી એ ચાલુ થઈ જાય. અહંકારનો સ્વભાવ એવો કે શીખે બધું અને શીખવનારા હઉ મળી જાય. બધું જોવાથી શીખે. પછી ફસાઈ ગયા પછી પેલા બધા ભઈબંધો જતા રહે. ઊડી જાય ચકલા બધા. પછી આ એકલો છે તે બૂમાબૂમ કરતો હોય, વીસ-વીસ સિગરેટો લઈને ફરતો હોય ! એટલે લોકોના દેખાડ્યા પ્રમાણે અહંકાર સુખ ખોળે છે. પછી એમાં ફસાઈ જાય છે, વ્યસનો-બ્યસનોમાં.

અભિપ્રાયથી પડે ગાંઠ, બીજા ભવે સંજોગ મળતા ફૂટે

અને કેટલાક માણસને તો અડ્યો ન હોય પણ વિચાર આવે કે 'કરવા જેવું છે.' પણ આવતા ભવને માટે ગાંઠ પડી જાય પછી. તમે કોઈ બ્રાન્ડીવાળા જોડે જાઓ અને ત્યાં આગળ એક-બે ફેરે ના પીઓ, પછી મનમાં એમ થાય કે વાંધો શો છે પીવામાં ? પણ છતાંય ના પીવાયું. અભિપ્રાય બદલાયો, પણ અત્યારે પીવાયું નહીં. પીવાનો હજી યોગ બેઠો નહીં. હવે તે ઘડીએ ગ્રંથિ પડી એ. શું થયું ? અભિપ્રાયમાંથી મન બંધાયું.

એ ગ્રંથિ પડી. એ ગ્રંથિ આવતા ભવમાં ફૂટે એટલે તમે પીઓ એ. એ ગાંઠોમાંથી ફરી પાછા સંજોગ ભેગા થાય, એવિડન્સ ભેગો થયો કે પછી ફૂટે. એને ભેગું થયું, એનો ફ્રેન્ડ-બ્રેન્ડ ભેગો થયો કે એ દુકાન ભેગી થઈ કે એ ગાંઠ ફૂટે.

પ્રશ્નકર્તા : આપે એવું કીધું કે, સાંયોગિક પુરાવાના આધારે, સંગ દોસ્તીના આધારે એને વિચાર આવે. પણ એને જે દોસ્ત એની સાથે સંગતિ કરે છે અથવા કરવા પ્રેરાય છે અને જેનામાંથી એ સંસ્કાર પોતે ઝીલે છે, એની ટેવો પાડવાની શરૂઆત કરે છે, તો એ ટેવ પાડવા માટે દોરનાર કોણ ?

દાદાશ્રી : એ તો નેચર જ છે બધું. તેય અવળા માણસનો સંગ થાય ને, એટલે આપણને કુટેવો પડી જાય. હવે અવળા માણસનો સંગ થવો તે આપણું પૂર્વનો કાંઈ દોષ હોય તો જ આ સંયોગ ભેગો થાય. પણ સંયોગ જો વહેલો છૂટી જાય તો સારું. સંયોગ છૂટી તો જાય જ અને કેટલાક સંયોગો તો આખી જિંદગી સુધી ચાલે. પણ સંયોગ છે, એટલે જ્યારે ત્યારે છૂટી જવાનો.

બુદ્ધિના નિર્ણયે પેસે અને છૂટે વ્યસનો

પ્રશ્નકર્તા : આ વ્યસનો માટે બુદ્ધિ જવાબદાર ખરી ?

દાદાશ્રી : બુદ્ધિ જ જવાબદાર ને ! બુદ્ધિ જ, સારા-ખોટાનો નિર્ણય જ એ કરે છે ને ! અને નિર્ણય થાય ત્યારે પછી પેસી જાય, નહીં તો એમ ને એમ પેસે નહીં. સારા-ખોટાનો નિર્ણય એ બુદ્ધિનું કામ છે.

પ્રશ્નકર્તા : એ તો દાદા, બહુ બીડી પીતો હોય અને પછી હાર્ટ ઍટેક આવ્યો અને દાક્તર કહે, કે આ બીડી છોડી દો. ત્યારે એમ લાગે કે આ તો નુકસાનકારક છે, એટલે છોડી દે પછી.

દાદાશ્રી : હા, એટલે બુદ્ધિનું કામ નફો-ખોટનું છે. બુદ્ધિ જ્યારે નફા-ખોટને સમજે, એ પેલા કોઈ દેખાડે, આમાં શું ફાયદો, આની મહીં ઉપાધિ, આમતેમ... એટલે એ જાણે કે 'આ તો ખોટ છે !' તો એ બુદ્ધિ

એને છોડવાનું કહે. કરે છે તો બુદ્ધિ જ, છોડે છેય બુદ્ધિ. પણ બુદ્ધિ નફા-ખોટને સમજી જાય. હુંય એટલું જ દેખાડું, આમાં શું ફાયદો ? આ તો ભૂતના વળગણ જેવું આ વળગણ વળગ્યું છે ! ત્યારે પેલાને સમજાય. સમજદાર અને સંસ્કારી હોય તો તરત સમજી જાય, કે સાલું, આ ખરેખર વળગણ લાગે છે ! એ છૂટ્યું. બુદ્ધિનો જરાક આંકડો ઢીલો થયો કે છૂટી ગયું, એની મેળે છૂટી જાય. બુદ્ધિ આંકડો ઢીલો કરતી જ નથી. કંઈક છોડવું હોય ને, આ ચા કે બીડી કંઈક, તો બુદ્ધિ આંકડો ઢીલો કરતી જ નથી અને જો ઢીલો કરે તો છૂટી જાય. ઢીલો કરતી નથી. હવે એ ઢીલો ક્યારે કરે ? એને કોઈ નફો-નુકસાન દેખાડનારો એવું એક્ઝેક્ટ બતાવી દે તો !

[૩] વ્યસનના જોખમ ને પરિણામ

[૩.૧] ચા, બીડી વિગેરે વ્યસનોના જોખમ ને પરિણામ

વ્યસનો યાદ આવે ને સહજતા તોડે

વ્યસનો તો એક વળગણ છે, વળગણ. ઉપાધિનું વળગણ છે. એ ચોંટ્યા પછી, ઊલટું એ ના હોય તો આખો દહાડો નકામો જાય. વ્યસન સેવવા જેવી વસ્તુ જ નથી.

પ્રશ્નકર્તા : વ્યસન આપણને વળગ્યું છે કે આપણે વ્યસનને વળગેલા છીએ ?

દાદાશ્રી : વ્યસન તો વીતરાગ છે. તમાકુ તો વીતરાગ છે. તમે એને વળગો પછી એની ઈફેક્ટો થયા કરે, ઈફેક્ટ પછી છૂટે નહીં. તમારે વિચારવું જોઈતું'તું. ચાની ટેવ પાડી જુઓ અને ઉકાળાની ટેવ પાડી જુઓ. ઉકાળો તમને વળગશે નહીં અને ચા વળગશે. કારણ કે ઈન્ટૉક્સિકેશન છે. એટલે કોની જોડે ભઈબંધી કરીએ છીએ એ વિચારવું જોઈએ પહેલેથી.

તમે જાત્રાએ ગયા ને સવારથી કશું ના મળ્યું તો પહેલું શું યાદ આવે ?

પ્રશ્નકર્તા : ચા યાદ આવે.

દાદાશ્રી : યાદ આવે, અને યાદ આવે એટલે હેરાન કરે. કશું યાદ ના આવે એવું જીવન હોવું જોઈએ. તો આ વ્યસનો યાદ લાવે. જે આપણને યાદ કરાવડાવે ને સહજતા તોડે, એ કેફી વસ્તુ કહેવાય બધી. ચા યાદ આવે, કૉફી યાદ આવે. અને દૂધ પીતા હોય કે બીજું ગમે તે કરતા હોય ને જલેબી ખાતા હોય તો કશું યાદ-બાદ ના આવે એમ. અને વખતે જલેબી ખાવાની પંદર દહાડાથી, મહિનાથી ટેવ હોય તો બે દહાડા યાદ આવે, પછી કશુંય નહીં, ભૂલી જાવ તમે. પણ ચા તમે પીતા હોય તો એક દહાડો ના મળે અને સાત વાગી ગયા, આઠ વાગ્યા, તે પછી તમે એના ધ્યાનમાં પડી જાવ, ચાના. શામાં પડી જાવ ?

પ્રશ્નકર્તા : એના જ ધ્યાનમાં હોય.

દાદાશ્રી : એ કંટ્રોલ લઈ લે છે આપણો. કંટ્રોલ લઈ લે છે એટલે કોઈ પૂછે, 'કેમ બેસી રહ્યા છો ?' 'ભઈ, હજુ તો ચા આવ્યા વગર સંડાસેય શી રીતે જઉં ?' કહેશે. એટલે સંડાસ બિચારું એને આધારે બેસી રહે. કેટલા તોફાન બધા ! અને ચા એકલી નહીં, પાછી સિગરેટ હઉ જોઈએ ત્યારે સંડાસ થાય ! લે, કેટલી ફસામણ આ ! તે અવલંબન લીધા એટલે મહીં સ્વતંત્રતા ઉપર તરાપ વાગી. તને પરતંત્ર ગમે છે એવું ? અવલંબન એટલે પરતંત્ર. ચાના પરતંત્ર થયા, સિગરેટના પરતંત્ર થયા. ના પીએ તો ભગવાન યાદ ના રહે પણ એ યાદ રહ્યા કરે. ત્યારે એવા ભગવાન કરતાં આપણે આ ભગવાન સારા બિચારા, સિગરેટના ભગવાન કરતાં ! અને જો મોઢું સુગંધીદાર બનાવે (!) સાત રૂપિયાની સિગરેટ પીવી ને મોઢું સુગંધીદાર, ના સારું થાય (?) મોઢા ગંધાય. એને પોતાને ન ગંધાય પણ સામાને તો ગંધાય.

ઈન્ટૉક્સિકેશન કરે અનંત અવતારની ખરાબી

પ્રશ્નકર્તા : ચા-કૉફી જે છે, એ પણ આ માઈન્ડને માટે સારા નહીં એવું કહે છે, બરાબર ?

દાદાશ્રી : એ તો ઈન્ટૉક્સિકેટેડ ડ્રિંક્સ છે ને ! આ ચા પીનેય ઉત્તેજના જ કરે છે ને, બીજું શું કરે છે તે ? ચા પીઈએ ત્યારે મહીં જોમ છે એને પ્રગટ કરે છે એ. એટલે એ જોમ પછી મહીં ઓછું થાય છે. નવું ઊભું થતું નથી. એની મેળે જોમ આવે એ કુદરતી કહેવાય અને આ તો મહીં ઊભું કર્યું. દવાઓથી ઊભું કરો તેય બધું એ જ, એના જેવું જ બધું. એટલે આ ઊભું કરેલું. એટલે ઈન્ટૉક્સિકેશન કોઈ વસ્તુ હોવી જોઈએ નહીં.

તારે પરતંત્રપણું છે કે ? ચા ને સિગરેટ ને એ બધુંય ?

પ્રશ્નકર્તા : ના. દાદા, હવે તો પેલી પાન ને પડીકીની આસક્તિ બહુ આવી ગઈ છે.

દાદાશ્રી : એમ ? પાન જુદું ને મસાલો જુદો ?

પ્રશ્નકર્તા : હા. એટલે એ પ્લાસ્ટિકના કાગળિયામાં બાંધીને આપે છે, પડીકી. અને પાન જુદું.

દાદાશ્રી : લ્યો, આ કેટલા પુણ્યશાળી લોકો (!) હું મારે ઘેર ૧૯૩૬માં પાનની ડબ્બી લઈ આવ્યો'તો ઘેર પાન ખાવા માટે. તે મહિનો-બે મહિના પાન મૂકીને ખાધા. પછી એ ડબ્બી પડી રહી, એમ ને એમ જ પડી રહી છે. તે હીરાબા અજવાળ અજવાળ કરે. આ વગર કામનું, આ શું વેશ ! જેટલું ઘાલ્યું એટલું આપણે પાછું સંભારવું પડે ! ડબ્બીને આપણે સંભારવી પડે. આપણે પાન લેવા જવું પડે. ત્યાં જઈએ, પણ પાનની દુકાન બંધ હોય આપણે જેને ત્યાં ખાતા હોય તે, એટલે રાહ જોવાની પાછી. અરે મેર મૂઆ, આવું તે ફાવતું હશે ? એટલે પાન-બાન કશુંય ના જોઈએ. આ બધી આસક્તિ નહોતી તે પાછી આ વધારી ! જીવવા હારુ ઝેર પીવે છે ! શેના હારુ ? જીવવા હારુ ઝેર પીવે છે. અને તે ઝેર પાછું પેલું નહીં, હમણે ને હમણે ખલાસ થઈ જાય એવું નહીં, માઈલ્ડ ઝેર ! કેવું ? જીવતું રહેવાય, ધીમે ધીમે મરાય. એ રસ્તો શું ખોટો ?(!)

ખોરાક-બોરાક કંઈ નડતો નથી. દૂધપાક ખાવ તો કંઈ નડતો નથી, પણ વધુ ખાવ તો નડે છે. બીજું નડે છે શું ? ઈન્ટૉક્સિકેશન. ચા, બીડી, બ્રાન્ડી, ફલાણું, એ બધું ઈન્ટૉક્સિકેશન. ગાંજો, ભાંગ એ બધું આત્માને આવરી નાખે તદ્દન. ચા હઉ આવરી નાખે. પણ ચા એ ધીમું પૉઈઝન (ઝેર) છે. બહુ ધીમું. ઘણા વર્ષથી પીધેલી હોય તો થોડું પૉઈઝન થાય. પણ પૉઈઝન તો ખરું જ ને ! ઈન્ટૉક્સિકેશન ત્યાં પૉઈઝન. એનાથી વધે બીડી; બીડી બહુ વધે. મૂળ જણાવા જ ના દે. અને બ્રાન્ડી તો માણસને ખલાસ જ કરી નાખે. અને વળી ગાંજો, ભાંગ તો ઉડાડી જ મેલે. આકાશમાં ઉડાડે, ઊડતો ફરે. ગાંજો, ભાંગ કરતાં બ્રાન્ડી સારી. આ બધો કચરો માલ, એ ન પેસે તો ઉત્તમ ! અડવું નહીં આ કશીય વસ્તુને, બીડી-સિગરેટેય ના અડાય. એ પૉઈઝનસ વસ્તુઓ છે બધી. અનંત અવતારની ખરાબી કરી નાખશે. એક અવતારની નહીં. એટલે શાસ્ત્રકારોએ કહ્યું કે આ તમાકુ છે, એ બધી ચીજોને અડવા ના દેશો. અને અડ્યા હોય તો તરત વહેલામાં વહેલી તકે છૂટા થઈ જાવ. નહીં તો અનંત અવતાર ખરાબ કરી નાખશે. તે શાસ્ત્રકારોએ પહેલામાં પહેલી મુક્તિ શેનાથી કરાવી ? તો કહે, વ્યસનથી !

[૩.૨] આલ્કોહૉલિક ડ્રિંક્સ મહાજોખમકારી

પોતાનો જ ભવિષ્યના આનંદનો ક્વૉટા આજે બહાર લાવે

પ્રશ્નકર્તા : વ્યસનોમાંથી આનંદ મળે છે, તે કેટલા અંશે સત્ય છે ?

દાદાશ્રી : વ્યસનોમાં આનંદ હોય જ નહીં. તને કોણે કહ્યું વ્યસનોમાંથી આનંદ મળે છે ?

પ્રશ્નકર્તા : આ દારૂ પીવું, માંસ ખાવું, સિગાર પીવી એ બધા ભૌતિક આનંદ તો આપે છે ને !

દાદાશ્રી : આમાં આનંદ હોતો હશે ? આ તો પોતાના આત્મામાં નબળાઈ દાખલ કરીને આ દારૂ પીવો છો. આત્મામાં નબળાઈ દાખલ

કરી, આત્મા બેભાન કરો છો ! એને આનંદ કેમ કહેવાય તે ? તે તો આનંદ આવતો નથી, ખોવો છો.

પ્રશ્નકર્તા : દારૂથી જાણે દુઃખો સામે શક્તિ મળતી હોય એવું લાગે છે !

દાદાશ્રી : દારૂ, હું તમને કહી દઉં. આ જે ઈન્ટૉક્સિકેટેડ ડ્રિંક્સ છે બધા, એ શું છે ? તમારી જે શક્તિઓ અંદર પડેલી છે, આગળની જિંદગીમાં જરૂરિયાતની શક્તિઓ જે અંદર પડી રહી છે, તેને ઉઠાવીને બહાર લાવે છે આજ. શું કરે છે ? મહીં જે શક્તિ હતી, તે રોજ વાપરવાની હતી, તે એક જ દહાડામાં કાઢી નાખે તો પછી તે દસ દહાડા સુધી ઢીલો કરી નાખે, ખલાસ કરી નાખે. રોજ વાપરવાની શક્તિ હોય ને, તેને વ્યસનમાં એક દહાડામાં કાઢી નાખે. તે દહાડે ઉલ્લાસમાં આવી જાય, પણ પછી યૂઝલેસ થઈ જાય માણસ. દારૂનો નશો એ ઉત્તેજના કહેવાય. પછી ઊતરી જાય અને ડિપ્રેશન આપે. આ આનંદ દારૂ નથી આપતો. તમારો પાછલો આનંદનો જે ક્વૉટા છે એમાંથી જ લાવીને બહાર ફેંકે છે, ઈન્ટૉક્સિકેટ કરે છે. એ બ્રાન્ડી હો કે સિગરેટ હો, તમાકુ કે હશીશ (ગાંજો, ભાંગ), બીજું કંઈ પણ હો. એટલે વાત તો સમજવી પડશે ને, આ ઈન્ટૉક્સિકેટેડ શું છે ? પોતાનું મહીં જે છે તે બહાર લાવે છે. નવી વસ્તુ કાઢતું નથી એ.

ભાન ખોવડાવે એ વસ્તુ કેમ અડાય ?

એ પ્રત્યાઘાતી ઈફેક્ટ શું આપે પછી ?

પ્રશ્નકર્તા : માથું દુખે.

દાદાશ્રી : ના પણ આ માથું દુખે એ પ્રત્યાઘાતી ઈફેક્ટ નથી. બેભાન થઈ જઈશ. આ જે થોડુંઘણું ભાન છે તેય જતું રહેશે બળ્યું ! પણ એ શેને માટે આવું બેભાનપણું કરવું પડે ?

પ્રશ્નકર્તા : ચિંતા ઓછી થાય એના માટે.

દાદાશ્રી : ચિંતા ઓછી થાય ? ચિંતાનો ઉપાય બીજો કરવો

જોઈએ, આવો ઉપાય નહીં કરવો જોઈએ. આ દારૂ એ એનો ઉપાય નથી. શું હેલ્પ કરે છે દારૂ ? આ તો એક જાતની સાઈકૉલોજિકલ ઈફેક્ટ છે. આ લોકો પીને આમ ફરે મસ્તીમાં. એ મસ્તી કામની શું છે ? એ મસ્તી કરતાં વરિઝ (ચિંતા) સારી ! દારૂ વધારે પી જઈએ તો શું થાય ?

પ્રશ્નકર્તા : તો ગોથા ખાય. હા, ભાન જતું રહે બધું.

દાદાશ્રી : બેભાન થઈ જાય. આત્મા બેભાન થાય એ કામ કરવા જેવું નથી.

પ્રશ્નકર્તા : આત્મા થોડો બેભાન થાય ? એ તો જાગ્રત જ હોય ને ?

દાદાશ્રી : મૂળ આત્મા તો નિરંતર જાગૃત જ છે પણ આ વ્યવહાર આત્મા છે ને, એને છે તે ડલનેસ (મંદતા) ના આવવી જોઈએ. એવા કારણો ન હોવા જોઈએ. બેભાનપણું કરે ને, એ વસ્તુ માણસે અડવી નહીં જોઈએ. જે આપણું ભાન ખોવડાવી નાખે, એ વસ્તુને કેમ અડાય ? અડાય જ નહીં ને !

આપણે જે આ ખોરાક ખાઈએ છીએ ને, એનો કલાક-દોઢ કલાક પછી બ્રાન્ડી જ થઈ જાય છે. અને પછી ઘેન ચઢે છે. પછી આપણે ભૂલી જઈએ વાત બધી. પછી તે ઘડીએ એસે (નિબંધ) લખવાનો હોય ને તો ના લખાય. પછી ઊતર્યા પછી એસે લખાય. એટલે આ બધી બ્રાન્ડી જ છે ને, વળી પાછું પેલું બ્રાન્ડુ મહીં ઘાલ્યું ! અને આ તો આવરણ લાવનારી વસ્તુઓ છે. આપણો ખોરાક એય તે આવરણ લાવનારી વસ્તુ, પણ એનો છૂટકો નથી. પણ જે છૂટકો હોય તેને શા માટે લેવું ?

દારૂનું આવરણ ખસે નહીં ને ખોવડાવે ડેવલપમેન્ટ

પ્રશ્નકર્તા : દારૂની અસર આત્મા પરથી ન જાય ?

દાદાશ્રી : શી રીતે જાય તે ? છતાં ટેવ પડી હોય તો હું રસ્તો

કાઢી આપું, પણ શું કરું તે ? પણ દારૂ એટલે તો મગજમાં પછી અસર થઈ જાય, મગજ ફેરફાર થાય. એટલે પછી આત્માની ઉપર ભ્રાંતિના આંટા ચઢી જાય.

પ્રશ્નકર્તા : આ પીવાથી મગજને નુકસાન કઈ રીતે થાય છે ?

દાદાશ્રી : એ ભાન ભૂલાવે છે ને, તે વખતે મહીં જાગૃતિ ઉપર આવરણ આવી જાય છે. અને પછી કાયમને માટે એ આવરણ ખસતું નથી. આપણા મનમાં એમ લાગે કે ખસી ગયું, પણ નથી ખસતું એ. એમ કરતું કરતું આવરણ આવતું આવતું આવતું બધું પછી માણસ જડ જેવો થઈ જાય. પછી એને સારા વિચાર-બિચાર કશું આવે નહીં. દારૂના વ્યસનથી ડેવલપમેન્ટ કાચું પડી સમજશક્તિ ઘટી જાય છે. તેનાથી મહીં આવરણ ઊભા થાય છે. બ્રાન્ડી પીધા પછી આવરણ સહિત થઈ જાય ને, પછી ખલાસ થઈ જાય. નવા આવરણ ચઢે એની ઉપર, બહુ આવરણ થાય બધા. અધોગતિમાં લઈ જાય એ બધા. એટલે જે ડેવલપ થયેલા છે તે આ દારૂમાંથી બહાર નીકળી ગયા પછી એનું બ્રેઈન બહુ સારું ડેવલપ થયેલું હોય. એણે ફરી પાછું બગાડવું ના જોઈએ.

મનુષ્યમાં બેભાન થાય એટલે જાનવરનો અવતાર આવે

હવે શાથી લોક પીતા હશે ? ત્યારે કહે, દેખાદેખીથી પીવે. અને બીજું પેલું કોઈક બહારનું દુઃખ હોય ને, તે દુઃખ અડે નહીં એટલા હારુ બેભાનપણું કરી નાખે. હવે બેભાનપણું આ થાય, મનુષ્યમાં બેભાન થાય એટલે મનુષ્યથી આગળ અવતાર ના મળે, અધોગતિમાં જાય. એટલે જાનવરમાં જાય પછી. બેભાનપણું જાનવરમાં હોય ને, વધારે ? એટલે મનુષ્યમાં તો ભાન જેમ જેમ વધતું જાય તેમ તેમ ઊર્ધ્વગતિ થાય.

દારૂ ને માંસાહારથી આ જે દેવું થાય છે, દારૂ ને માંસાહારમાં જે સુખ ભોગવે છે, એ સુખ રિપે (પરત) કરતી વખતે જાનવરમાં જવું પડે છે. આ પોલું નથી જગત. આ રિપેવાળું જગત છે. ફક્ત આંતરિક

સુખનું જ રિપે કરવું નથી પડતું. બીજા બધા બહારના સુખો એ બધા રિપે કરવાના છે. જેટલી આપણે રકમ જમે લેવી હોય એટલી લેવી અને પછી એટલી પાછી આપવી પડશે.

પ્રશ્નકર્તા : આવતા જનમમાં જનાવર થઈને રિપે કરવું પડશે એ બરાબર, પણ આ ભવમાં શું થશે એનું ? આ ભવના શું પરિણામો ?

દાદાશ્રી : આ ભવમાં છે તે એને પોતાને આવરણ આવી જાય એટલે જડ જેવો, જાનવર જેવો જ થઈ ગયેલો હોય. માણસ જાનવર જેવો થઈ જાય પછી. જાનવરમાં ને એમાં ફેર જ નહીં. કારણ કે એની જાગૃતિ બધી ખલાસ થઈ જાય છે. જેમ જાગૃતિ વધે તેમ માણસ ઉત્તમ થાય. માણસે જાગૃતિ વધારવાની છે તેને બદલે જાગૃતિ ખલાસ થઈ જશે. એટલે પછી જાનવર થઈ જવાનું. જાનવર થવાનું સાધન છે એ.

બેભાનપણું પોસાય કેવી રીતે ? માણસ બેભાન થાય એટલે શું કામનું ? આમ છે તે શાસ્ત્રકારો આ લોકોને શું કહે, કે ઉઘાડી આંખે ઊંઘે છે આખું જગત ! શાથી ઊંઘે છે ? ત્યારે કહે, ઘર અને ધંધો બે જ જગ્યાએ જાગૃતિ છે એની. બીજે ક્યાંય જાગૃતિ નથી એની. ધંધામાં, ઘરમાં બહુ જાગૃતિ રાખે છે, પણ પરલોકમાં મારું શું થશે એની જાગૃતિ નથી હોતી. એટલે આમ ઊંઘે છે, વળી પાછો દારૂ પીવે ત્યારે વધારે ઊંઘે એ. આ પીધો એટલે બીજી વાર ઊંઘ્યો પાછો, ડબલિંગ (બમણું) કર્યું. આ રોગ તો જતો નથી, ત્યારહોરો બીજો રોગ ઊભો કર્યો.

નિદ્રામાંથી જાગૃત થવાનો રસ્તો જગતમાં કોઈની પાસે છે નહીં. જાગૃતિમાંથી નિદ્રામાં આવવાનો રસ્તો છે. દારૂ પીએ એટલે નિદ્રામાં આવી જાય.

દવાઓમાં આલ્કોહૉલ આવે તો ત્યાં શું કરવું ?

પ્રશ્નકર્તા : પણ દાદા, દવામાં પણ આલ્કોહૉલ હોય છે ને, તો એ નહીં લેવાની ?

દાદાશ્રી : દવા પીવાની, દવા પીજો. દવામાં આવે તેનો વાંધો નથી. આ તો જાણીજોઈને ઈરાદાપૂર્વક, વગર દવાએ, મોજશોખને માટે પીએ છે. દવામાં પીજો. દારૂ છે એવું માનીને ન પીઓ. એ દવામાં દારૂ છે એનો વાંધો નથી. તમે એને કહો છો દવા ને, છેવટે ? દારૂ નથી કહેતા ને ?

પ્રશ્નકર્તા : ના.

દાદાશ્રી : તો વાંધો નથી.

એ ક્યારે અન્‌લિમિટ થાય એ કહેવાય જ નહીં

બ્રાન્ડી પીઉં છું, કો'ક વખત ?

પ્રશ્નકર્તા : કો'ક વખત.

દાદાશ્રી : હં. એટલે મારું એમ કહેવાનું કે કો'ક વખત કરતા કરતા એ પછી કોઈ વખત હેબિટ પડી જાય ને, તો પછી માણસ ખલાસ થઈ જાય.

પ્રશ્નકર્તા : માપસર પીવે તો એમાં શું ખોટું છે ?

દાદાશ્રી : પણ એમાં ફાયદો શું છે તે માપસર પીવામાં ? માપસર કાયમને માટે રહી શકતો નથી માણસ. ક્યાં સુધી સારો રહી શકે છે ? જ્યાં સુધી લાઈફ રેગ્યુલર ચાલે છે ને, ત્યાં સુધી માપસર રહે છે ને ઈરેગ્યુલર થવા માંડશે કે વધારે પીવા માંડે છે. પછી માણસ આઉટ ઑફ કંટ્રોલ થાય છે, મેં બધા જોયા આ બધાને. એ ક્યારે અન્‌લિમિટ થાય એ કહેવાય જ નહીં, દારૂ ને એ બધું. અને સિગરેટેય ક્યારે અન્‌લિમિટ થાય એ કહેવાય નહીં. ચાયે એવી છે, પણ ચા એકલી કંટ્રોલમાં રાખી શકાય એવી વસ્તુ છે. બાકી સિગરેટનો કંટ્રોલ રહે નહીં. એ તમે રોજ ચાર સિગરેટ પીવો તો કો'ક દહાડો છ પી જાવ, કોઈ દહાડો આઠ પી જાવ, બારેય પી જાવ.

પ્રશ્નકર્તા : પણ આ પીવાનું એ બધું કાબૂમાં રાખી શકે એવી શક્તિ ભગવાને આપી છે ને ?

દાદાશ્રી : કાબૂમાં ક્યાં સુધી રાખી શકે ? જ્યાં સુધી લાઈફ રેગ્યુલર છે ત્યાં સુધી. અને કુદરતને ઘેર ક્યારે ઈરેગ્યુલર થશે એ કહેવાય નહીં. ધંધા અવળા-સવળા થઈ જાય, ખોટો આવવા માંડે એટલે ત્યારે તે ઘડીએ પેલું વધારે પીવા માંડે, પછી બગડી જાય એ. માણસ પોતે શું કંટ્રોલ કરી શકે ? આમનું ગજુંય શું બિચારાનું ? કંટ્રોલમાં રહે એવી ચીજ નથી એ. જ્યારે ત્યારે પાછો ઊંધે રસ્તે ચાલ્યો જાય એ. એક દહાડો ચિંતા-વરિઝ વધી ગઈ હોય તો વધારે ઠોકે. પછી કાયમ માટે રખડી મરે છે. એટલે એને અડવા જેવું જ નથી.

જ્ઞાનીની કરુણાસભર વિનંતી, 'ન પેસવા દેજો દારૂને'

દારૂ તો પીવાય જ નહીં આપણે, એ લેબરર (મજૂર) લોકોને કામનું. બીજા લોકોને પોસાય એ કરે. આપણાથી ના અડાય. આ દારૂ પીવાથી આપણે જ ફસાઈ જઈએ પછી. ફસાયા પછી છૂટાશે નહીં. અને મેં જોયું છે, લોકો બહુ દુઃખી થયા છે પછી પાછળ. પછી છૂટાતું નથી તે બહુ દુઃખી થાય છે બિચારા. એટલે અમે તો તમને લાલ વાવટો ધરીએ. હજુય જ્યાં સુધી ટેવ ન પડી ગઈ હોય ત્યાં સુધી તેનાથી મુક્તિ મેળવી લેજો. એટલે આ બ્રાન્ડીની ટેવો ને એ બધું ના પેસવા દેજો. હું તો તમને વિનંતી કરીને કહું છું કે ભઈ, આ ના પેસવા દેશો, નહીં તો પછી ફસાયા પછી તમે નીકળી શકશો નહીં. એટલે અમારી આજ્ઞા ના પાળો તો અમારી આટલી વિનંતીય સ્વીકારજો. વિનંતી સ્વીકારવામાં વાંધો ખરો ચંદુભાઈ* ? વિનંતી મંજૂર કરશો ?

પ્રશ્નકર્તા : હા, હા.

ન શોભે દારૂ આર્યપ્રજાને, બનાવે અનાડી

દાદાશ્રી : આ ફૉરેનવાળા દારૂ પીએ, માંસ ખાય ગમે તે કરે એમના માટે વાંધો નથી, ઈન્ડિયનોને માટે વાંધો છે. જે પુનર્જન્મને સમજે છે, તેને જવાબદારી છે. પુનર્જન્મને સમજતા નથી, એને જવાબદારી જ

*ચંદુભાઈની જગ્યાએ વાચકે પોતાનું નામ સમજવું

ક્યાં છે ? આ નાના, કિન્ડરગાર્ટનના બાળકો કપ ફોડી નાખે તો એની જવાબદારી નથી, પણ સમજણવાળો ફોડી નાખે તો એની જવાબદારી છે. એટલે આ તો બાળકો જ છે, આમના માટે બધી છૂટ છે, ઈન્ડિયન્સ માટે છૂટ નથી. કારણ કે આપણે પુનર્જન્મને માનીએ છીએ, કે આ કર્મ કર્યું તેની જોખમદારી મારી છે, એવું માનીએ છીએ આપણે. નથી માનતા ?

પ્રશ્નકર્તા : લગભગ બધા, ઘણાંખરાં માને.

દાદાશ્રી : એટલે એ જે કરે ને, એની જોડે આપણાથી એવું ના કરાય. તમે તો હોલ એન્ડ સોલ રિસ્પૉન્સિબલ (સંપૂર્ણ જવાબદાર) છો અને એ રિસ્પૉન્સિબલ બિલકુલેય નથી. અને તમારી જાગૃતિ ખૂબ વધેલી છે. એમને તો જાગૃતિ જ નથી બિચારાને આ અંદરની બાબતની. બહારની બાબતની બધી જાગૃતિ સુંદર છે, બાહ્ય જાગૃતિ. આંતરિક જાગૃતિ નથી.

આપણે ઈન્ડિયન બ્લડ, આર્યપ્રજા. અનાડીપણું તો ના જ આવવું જોઈએ ને ! આપણે આર્યપ્રજા છીએ ને આર્યપ્રજાને આ વસ્તુ શોભતી નથી. આપણે આર્યપ્રજા ખરા કે નહીં ? અત્યારે જો કે અનાડી જેવું થઈ ગયું છે. પણ મૂળ આર્ય છીએ, તો આપણે આર્ય સુધરી શકીએ એમ છીએ. એટલે આપણે મૂળ આપણી ક્વૉલિટી બહુ સારી ! પણ આ તો એવું છે ને, પછી ગમે ત્યાં આગળ ફરીએ એટલે પછી સંસ્કાર બધા બગડી જાય. પછી દારૂ પીતા થઈ જાય, બીજું કરતા થઈ જાય. એ ના શોભે આપણને.

મુસલમાનોય છે તે એને સમજ્યા છે, તો આપણે ના સમજીએ ?

પ્રશ્નકર્તા : એ કેવી રીતે સમજ્યા, દાદા ? એ મુસલમાનો કેવી રીતે સમજ્યા એ વસ્તુ ?

દાદાશ્રી : એમના પેલા ઓલિયાઓ ને એમણે શોધખોળ કરેલી આ. એ માણસ ત્યાર પછી ગાંડો થાય છે. મુસલમાન એટલા બધા

દારૂના વિરોધી છે કે ખરો મુસલમાન અહીં એક દારૂનું ટીપું પડ્યું હોય તો આટલી ચામડી બાળી નાખે. કંઈક હશે ત્યારે ને ?

અધ્યાત્મ માર્ગે જનારાને આવા લફરાં ના હોય

દારૂ, માંસમાટીને ક્યારે પણ ન અડશો. એનું સાયન્ટિફિક રીતે જોતા નુકસાન ઘણું જ ભયંકર છે.

પ્રશ્નકર્તા : કઈ રીતે એ સાયન્ટિફિક ?

દાદાશ્રી : પાછી એની રીત ખોળો છો ? આમ તો ચાર પગ આવવાની તૈયારીઓ થઈ રહી હોય અને પાછી રીત ખોળો છો ?

પ્રશ્નકર્તા : આ સમજાવો તો જરા વધારે ખ્યાલ આવે.

દાદાશ્રી : કેટલુંક સમજાવે તે ? અસાર છે. એક તો નર્યા કેટલા જીવ મરી જાય છે એનાથી, બીજું, પોતાનું બેભાનપણું થાય. દારૂ-વાઈન બનાવતી વખતે બહુ જીવજંતુઓ મરી જાય છે. બનાવતી વખતે ફર્મેન્ટેશનમાં જે જીવો ઉત્પન્ન થયા હોય ને, બહુ મરી જાય એ. દારૂ તો હાલતાં-ચાલતાં ત્રસ જીવોનો ભારોભાર રસ છે ! નર્યો જીવોનો જ રસ છે ! દારૂના એક પરમાણુમાં એટલી બધી જીવાત છે કે જ્ઞાનીનેય એ અજ્ઞાની કરી નાખે. એમાં ભયંકર જીવાત હોય છે. તે ધર્મને ધૂળધાણી કરી નાખે.

પ્રશ્નકર્તા : દરેકથી નુકસાન તો છે જ પણ વધતું-ઓછું છે.

દાદાશ્રી : દરેકમાં નુકસાનેય હોય ને પાછો નફોય હોય. હંમેશાં એકલું નુકસાન હોય નહીં દરેક વસ્તુમાં. પણ આમાં તો આધ્યાત્મિક નુકસાન છે, માટે આપણે ના કહીએ છીએ. ભૌતિકમાં તો ફાયદો થતો હોય તોય આપણે જરૂર નથી, અધ્યાત્મને રસ્તે આપણે ચાલવું જોઈએ. આપણે ઈન્ડિયન્સ છીએ, એટલે આપણો અધ્યાત્મ માર્ગ હોવો જોઈએ અને શાંતિમય માર્ગ હોવો જોઈએ. અશાંતિ આપણે સહન કરી શકીએ નહીં. અને આ અધ્યાત્મ માર્ગે જનારાને આવા લફરાં હોય જ નહીં. એક

આ માંસાહાર ને દારૂ બે બંધ હોય ને, તો બહુ થઈ ગયું. એ ભગવાનના કાયદાની બહારની વસ્તુ છે.

દારૂ તો નહીં જ પણ વાઈનેય ન પીવાય

પ્રશ્નકર્તા : આપણે દારૂ ના પીઈએ પણ આ વાઈન પીઈએ તો ના ચાલે ?

દાદાશ્રી : કશુંય ના ચાલે.

પ્રશ્નકર્તા : તો વાઈનમાં શું નુકસાન ? એ તો આપણા દ્રાક્ષાસવ જેવું હોય.

દાદાશ્રી : ઍપલ જ્યૂસ પીઓ.

પ્રશ્નકર્તા : બરાબર છે. પણ આપે ગઈકાલે વાત કરી ને, કે વાઈન પીવામાં પણ ઘણા અંદર સૂક્ષ્મ જીવોની હિંસા થાય છે. તો આપણે આ ઘઉં ખઈએ છીએ, તો એને જે પકવે છે, ત્યારે એમાં પણ જમીનમાં કેટલા બધા જીવજંતુઓ થાય છે ! દવાઓ નાખવી પડે છે, કેટલી હિંસા થાય છે !

દાદાશ્રી : તે તો પણ એ છૂટકો જ નહીં ને ! એ તો ખોરાક વગર ચાલે શી રીતે ? ખોરાક તો જોઈએ જ ને ? એ નાછૂટકે કરવું પડે છે, ફરજિયાત કરવું પડે છે. અને આ તો લોકો શોખની ખાતર કરે છે.

પ્રશ્નકર્તા : આ વાઈન કો'ક જ વાર, કો'ક એવો પ્રસંગ આવે ત્યારે થોડીક લે તો એમાં ખોટું શું છે ?

દાદાશ્રી : વરસમાં કેટલા દહાડા ચોરી કરો છો તમે ? કો'કના ગજવામાંથી પૈસા કેટલા દહાડા કાઢી લો છો ?

પ્રશ્નકર્તા : ના, એવું કોઈ દહાડો નહીં, કોઈના ગજવામાંથી.

દાદાશ્રી : પણ એ કો'ક દહાડો કાઢો તો આપણે શું ખોટું ?

પ્રશ્નકર્તા : હા, એ ખોટું કહેવાય.

બિયરથી વાડ છૂટે તો દારૂ સુધી પહોંચી જાય

પ્રશ્નકર્તા : હું તો બિયર પીઉં, વાઈન-બ્રાન્ડી નથી પીતો, બિયર કોઈ વાર પીઉં છું.

દાદાશ્રી : ઓહોહો ! તેથી શું લાભ થાય છે ? એનાથી શક્તિ વધે છે ? તો શું લાભ થાય ? એના કરતાં પાણી પીઈએ તો શું ખોટું ? બીજી ઘણી ચીજો પીવા જેવી છે.

પ્રશ્નકર્તા : પણ દાદા, બિયર પીતા હોય એ તો ઈન્ડિયામાં લોકો પાન ખાય ભેગા થઈને એના જેવું છે. આ પાન કરતાં હેલ્થી. ઈન્ડિયામાં જેમ પાન ખાય, તેના જેવું અહીંયા બિયર પીવાનું છે. તો દાદા, બિયરમાં જોખમ શેનું ?

દાદાશ્રી : પણ ફાયદો શું છે એમાં ? જરૂરિયાત શું છે ? દારૂમાં વધારે બેભાનપણું થાય ને એ બિયરમાં ઓછું થાય. બિયરમાં એમ ધૂન (મસ્તી) રહેતી હોય એવું રહ્યા કરે એને. બિયર પીવાથી વાડ છૂટી જાય છે. વાડ છૂટી જાય એટલે પછી પેલીય (બ્રાન્ડીય) કો'ક ફેરો લઈએ. એટલે વાડ છોડી ના નાખવી. અને તે એવુંય પીજો, જો એક્સટેન્શન મળે તો ! બસ્સો-ત્રણસો વર્ષનું એક્સટેન્શન મળે તો એવુંય પીજો. પણ જ્યાં જતું રહેવાનું છે, એક્સટેન્શન ના મળતું હોય તો શા હારુ આમ કરવું ?

નિરાગ્રહી રૂપે ચેતવે, ક્યાં છે સેફસાઈડ

સારાસારનો વિવેક કરજો કંઈ. વિવેક હોય કે ના હોય ? શું ખવાય, શું ના ખવાય ? માણસનામાં વિવેક હોય કે ના હોય ? શું ખાવું અને શું ના ખાવું, શું પીવું અને શું ના પીવું, એનું નામ વિવેક. વિવેક ના હોય એ માણસ જ ના કહેવાય ને ! સારાસારનો વિવેક, સાર અને અસાર. ના જોઈએ વિવેક ? શું કહો છો ?

પ્રશ્નકર્તા : હા, હા, જોઈએ.

દાદાશ્રી : હા, તે વિવેકમાં નથી આવતું એ. પીવું હોય તો અમને વાંધો નથી. અમે સલાહ આપી છૂટીએ. હું કંઈ તમને વઢું કે જબરજસ્તી ન કરું. એનાથી છેટે રહેવા જેવું છે, જો સુખી થવું હોય તો. અને નહીં તો અમે તમને કંઈ ના નથી પાડતા, કે ના પીવો કે પીવો, એવું અમે તમને કહેવા માગતા નથી. અમે તમને એટલું જ કહીએ, કે આમાં સેફસાઈડ શું છે ને ફાયદો શું છે, એ તમને બતાવીએ. આપને સમજમાં આવે છે ને ? આ તમને ઠીક લાગે તે કરજો, મારે એ વાંધો નથી. પણ તમને સમજાવવા માટે કહું છું. હજુ ચેતવું હોય તો ચેતી જજો. જ્ઞાની પુરુષના મોઢે ચેતી જશો તો સારું છે. ના ચેતી જાવ તો મારે કંઈ તમને જબરજસ્તી કરવાની હોય નહીં. હું તમને બાટલી પીવાની ના કહું છું. કારણ કે એ તો અણસમજુ લોકોનું કામ છે. સમજવાળાને વ્યસન ના હોય.

[૩.૩] વ્યસનીનો સંગ એ મોટું જોખમ

જૂઠું બોલીને પણ દારૂના સકંજામાંથી છૂટી જવું

પ્રશ્નકર્તા : બીજું એ પૂછવાનું, આપણે કોઈ પાર્ટીમાં ગયા હોય અહીંયા અમેરિકનની, અને કોઈ વખત આગ્રહથી આપણને કહે, કે આ વ્હિસ્કી પી, વ્હિસ્કી પી, તે વખતે શું કરવું ?

દાદાશ્રી : ના...

પ્રશ્નકર્તા : હવે જો ના પાડીએ અને એ ચાર વખત કહેતો હોય, તો પછી આપણે એ ખોટું કરીએ છીએ એવું થાય ને પાછું ? આગ્રહમાં રહ્યા.

દાદાશ્રી : ના, ના, ના. ત્યાં એક જ વાત કહેવી, કે 'મારા શરીરને બહુ નુકસાન કરે છે, એટલે આની ડૉક્ટરે ખાસ ના પાડી છે.' એવું કહી દઈએ એટલે છૂટી જઈએ.

પ્રશ્નકર્તા : આત્મા માટે જૂઠું બોલવું ?

દાદાશ્રી : આત્મા માટે જૂઠું બોલવામાં કોઈ હરકત નથી. એવું ના કહેવું, 'હું ધર્મિષ્ઠ માણસ છું.' એમને એમ કહેવું, 'મારા શરીરને સદતું નથી. ડૉક્ટરે ના પાડી છે, કે જરા ટીપુંય લેશો નહીં. હવે તમારું શરીર સહન કરી શકે એમ નથી'. એટલે પેલો 'યસ' કહી દે. ગમે તે રસ્તો ખોળી કાઢવો. આપણે આવા સકંજામાં આવી જઈએ તો છૂટી જવું ગમે તે રસ્તે. જેને પોતાને પીવી નથી તેને બધા બારા મળી આવે છે. પણ પીવી હોય તેને ના જડે. પોતાની ઈચ્છા હોય પોલી, ત્યારે મહીં એને જડે નહીં બારું.

વ્યસનરૂપી અગ્નિની પાસે જવું જ નહીં

મિત્રો એવા ભેગા થયેલા છે ?

પ્રશ્નકર્તા : કૉલેજમાં એવા થોડા મિત્રો છે, જે પીએ છે.

દાદાશ્રી : તેઓ પીએ ત્યારે તને મનમાં એમ નથી થયું, કે લાવ, હું પણ ટેસ્ટ કરું ?

પ્રશ્નકર્તા : ના, મને હજી સુધી નથી થયું.

દાદાશ્રી : અને થશે ત્યારે શું કરીશ ?

પ્રશ્નકર્તા : ત્યારે હું રોકવા પ્રયત્ન કરીશ.

દાદાશ્રી : અગ્નિની પાસે ના જવું સારું કે અગ્નિ પાસે જઈને પછી એને એમાં રોકવા પ્રયત્ન કરવો તે સારું ?

પ્રશ્નકર્તા : રોકવા માટે પ્રયત્ન કરવો સારો.

દાદાશ્રી : ના, અગ્નિની પાસે જ જવું નહીં.

પ્રશ્નકર્તા : પછી ફ્રેન્ડ્સ જતા રહે.

દાદાશ્રી : નહીં, નહીં, ફ્રેન્ડશિપ ટેસ્ટેડ જોઈએ. અન્ટેસ્ટેડ ફ્રેન્ડશિપને કરવાની શું તે ? તે ખરી અડચણના ટાઈમે આવીને ઊભો

રહે, એવી ફ્રેન્ડશિપ જોઈએ.

પ્રશ્નકર્તા : બે-ચાર ફ્રેન્ડ્સ છે મારા, એમને ડ્રિંકિંગ છોડવું છે પણ છૂટતું નથી, દાદા. એને કેમનું છોડાવીએ ?

દાદાશ્રી : છોડાવવાની વાત કર નહીં, તું બંધાઈ ના જઉં એ જોજે, છોડાવવા જતા. છોડાવવા ગયેલા વધારે બંધાઈ ગયેલા. આ લોકોનો તો ચેપેય અડાડાય નહીં, છેટા રહેવું પડે. નહીં તો એક દહાડો બધા ભેગા થઈને સંપીને પાઈ દે, ઝાલીને.

'વ્યસનીથી દૂર રહેવું' એવું આપણા જ્ઞાનમાં રહેવું જોઈએ

કુસંગવાળા હોય ને માણસો, એ છોકરાંઓ જોડે ફ્રેન્ડશિપ જ ના કરવી. નહીં તો કુસંગ તો ચડ્યા વગર રહે જ નહીં. એનો સ્વભાવ છે, કુસંગ ચડી જ જાય. સારા સંસ્કાર ચડતા વાર લાગે.

પ્રશ્નકર્તા : એ વાત સાચી દાદા, પણ નાનપણથી સારા મિત્રો હોય, છતાં બીડી કે એવું કંઈ વ્યસન કરતા હોય, તો એમાં શું કરવું ?

દાદાશ્રી : બને તેટલું છેટું રહેવું. છતાંય છેટે રહેવું એ આપણા હાથની વાત નથી. એવો તમારા હાથમાં અધિકાર નથી, કે તમે આમ કરી શકશો જ. પણ જ્ઞાન શું જાણવું જોઈએ ? કે વ્યસનીથી દૂર રહેવું. પછી કુદરત આપણને ભેગું રખાવડાવે ઈટ્સ એ ડિફરન્ટ મેટર (એ જુદી વસ્તુ છે). પણ આપણા જ્ઞાનમાં એ રહેવું જોઈએ, કે વ્યસનીથી દૂર રહેવું.

પ્રશ્નકર્તા : હા જી. પણ ધારો કે જોડે રહેવાના સંજોગ હોય તો વ્યસનથી મુક્ત કેવી રીતે રહેવું ?

દાદાશ્રી : વ્યસનથી મુક્ત રહેવા 'વ્યસન એ ખોટી ચીજ છે', એવી આપણને પ્રતીતિ થઈ જવી જોઈએ. એ પ્રતીતિ ખસવી ના જોઈએ. આપણો નિશ્ચય ના ખસવો જોઈએ. પછી વ્યસનથી દૂર જ રહે તે માણસ. પણ 'એમાં કાંઈ વાંધો નથી' એમ કહ્યું કે પેઠું.

[૪] વ્યસનોથી છૂટી શકાય ?

પોતે નિશ્ચય કરે તો છૂટાય

પ્રશ્નકર્તા : ઘણા માણસો એ દારૂની લતમાં પડેલા છે, એ લોકો એમ કહે છે, કે 'અમે છોડવા માગીએ તોય અમારાથી છૂટતી નથી.'

દાદાશ્રી : બહુ કાળ થઈ જાય ને, પછી ના છૂટે એ. છતાં જેને છોડવું હોય ને, તેને નિશ્ચય હજી કો'ક દહાડો કામ કરે છે. પોતે નિશ્ચય કરે તો થાય, બાકી છૂટાય નહીં. હવે બીજો માર્ગ રહ્યો નથી.

પ્રશ્નકર્તા : પોતે નિશ્ચય કરે તો થાય. પણ આ ભવે નિશ્ચય કરે તો આવતા ભવે ચાલે ને ? આ ભવમાં તો ગયા ભવનું ચાલતું હોય ને બધું ?

દાદાશ્રી : ચોક્કસ. પણ આ નિશ્ચય થાય ને, તો એ નિશ્ચય પરભવના આધારે વધારે મજબૂત થાય છે. એટલે આ ભવમાંય એને હેલ્પ થયા કરે અને પરભવમાં બહુ મોટી હેલ્પ થાય.

પ્રશ્નકર્તા : બરાબર.

દાદાશ્રી : હવે આ ગાડી ચલાવવાની, એમાં આ સ્ટીઅરિંગ એટલે નિશ્ચય. આ સ્ટીઅરિંગ એય નિશ્ચય છે એક જાતનો. રોડની બહાર નહીં નીકળવી જોઈએ એવો નિશ્ચય. અને જેનો નિશ્ચય ના રહેતો હોય ને, તેણે તો પ્રતિજ્ઞા પાળવી પડે. પ્રતિજ્ઞા કરવી પડે. હવે પ્રતિજ્ઞા અમારા જેવા પાસે લે તો કામની.

હાર્ટિલી પસ્તાવો અને કોઈ સુધારનાર હોવા જોઈએ

બીજું હવે એ વસ્તુ શી રીતે જાય ? ત્યારે કહે, એક જણ પીતો હોય તો એના પર બહુ ચીડ રાખે, 'આ દારૂ ના પીવો જોઈએ, ના પીવો જોઈએ, આ દારૂ પીને જુઓ ને આની આ દશા થઈ.' એમ કરતો કરતો પોતે પછી ના પી શકે. પોતાની મૂળ ગ્રંથિ ઊડી જાય.

પ્રશ્નકર્તા : એ કો'ક પીતો હોય તો 'આ ખરાબ છે', આમ કહીએ એટલે પોતાનું નીકળી જાય.

દાદાશ્રી : પોતાની ગાંઠ તૂટી જાય એમ કરતા કરતા.

પ્રશ્નકર્તા : ધારો કે બીડી પીવી એ ખરાબ છે, માંસાહારી થવું એ ખરાબ છે, આ બધું બધા માને છે કે ખરાબ છે, તેમ છતાંય લોકો એને કર્યે જ જાય છે, એ કર્મો જાણતા હોવા છતાંય કર્યે જાય છે.

દાદાશ્રી : આ બધા બોલે છે તે ઉપલક બોલે છે, સુપરફ્લુઅસ બોલે છે. કેવું ? હાર્ટિલી નથી બોલતા. બાકી હાર્ટિલી બોલે, તો તો અમુક ટાઈમે એને ગયે જ છૂટકો. હાર્ટિલી હોય તો આ ગયે જ છૂટકો. તે તમારો જે દોષ હોય, બહુ જ ખરાબ દોષ હોય, પણ તે છે તે તમે ખૂબ પસ્તાવો કરો, તોય પણ ફરી થાય બીજે દહાડે. તો થાય તેનો વાંધો નથી, પણ પસ્તાવો ખૂબ કર્યા કરો.

પ્રશ્નકર્તા : હં, એટલે માણસ સુધરે એવી શક્યતા ખરી ?

દાદાશ્રી : બહુ શક્યતા છે, પણ સુધારનાર હોવા જોઈએ.

શબ્દજ્ઞાનથી નહીં, ગેડમાં બેસાડે એવા જ્ઞાનથી છૂટે

પ્રશ્નકર્તા : આ બધું પ્રવચનકાર પાસે સાંભળીએ ત્યારે બધું બરાબર રહે છે, પણ પછી થોડો વખત પછી બધું જતું રહે છે.

દાદાશ્રી : એ બધું ખોટું. જે સાંભળીએ ને, ત્યારે બરાબર રહે અને થોડા વખત પછી જતું રહે તો એ તો એનો અર્થ જ નહીં ને ! એ તો ફિલમ કહેવાય. જોઈએ તે ઘડીએ દેખાય ને પછી જતું રહે, એ તો ફિલમ કહેવાય. એટલે હું ટકે એવું આપીશ ! ઘણા લોકોને દારૂ ને માંસાહાર બધું છૂટી ગયું, એમ ને એમ અમારા શબ્દથી જ ! અમારા શબ્દથી આખો ફરી જાય છે માણસ ! આ વચનબળ એટલું બધું સરસ છે કે આખું બધું ફરી જાય છે ! આ તો લોકો અહીં જે ઉપદેશ આપવા

આવે છે ને બધા, તે બે-પાંચ દહાડા ઉપદેશ એકાંતે આપીને જતા રહે છે એ લોકો. હવે 'જ્ઞાન' શબ્દથી ચાલે નહીં. 'બીડી પીવી નહીં, કશા વ્યસન કરવા નહીં.' એ બોલે ના ચાલે, એ જ્ઞાન ના કહેવાય. જ્ઞાન તો એની સમજમાં, ગેડમાં બેસી જવું જોઈએ.

હવે જાણવું ને કરવું એક ક્યારે થાય ? શુષ્ક જ્ઞાન ના હોય ને સત્‌જ્ઞાન હોય તો થાય. એટલે સાચું જ્ઞાન હોય તો જ્ઞાન અને કરવું બે સાથે જ થાય. સાચું જ્ઞાન ! એટલે સાચું જ્ઞાન જ પ્રાપ્ત થયું નથી. નહીં તો પોતાના પ્રમાણે બધું થયા જ કરે. આપણે ત્યાં તો જ્ઞાન ને એ બેય સાથે જ થાય. તે ચુસ્ત જ્ઞાન જોઈએ. કેવું ? આવું શુષ્કજ્ઞાન ના જોઈએ. શુષ્કજ્ઞાન એટલે શું ? જુઓ ને, જ્ઞાન તો સિગરેટના પાકીટ ઉપર લખ્યું જ છે ને, કંઈક ?

પ્રશ્નકર્તા : લખ્યું છે.

દાદાશ્રી : જ્ઞાન સરકારે બહાર પાડ્યું છે. સિગરેટના પાકીટ ઉપર લખો, કહે છે. આપણા લોકોય પાકીટ ઉપર વાંચીને પીતા જાય છે. એટલે જ્ઞાન એવી રીતે આપવું જોઈએ, કે એના મનમાં નક્કી થાય કે હવે નહીં અડું. આ બધું શુષ્કજ્ઞાન જાણ્યું છે.

જ્ઞાનીના ચારિત્રબળે સહજ છૂટે વ્યસન

પ્રશ્નકર્તા : મેં એવું સાંભળેલું, કે આપ અમેરિકા ગયા ત્યાં ઘણા લોકોને વ્યસનમાંથી, આદતોમાંથી મુક્ત કર્યા. એ કઈ રીતે થયા ? એ આપ કઈ રીતે કરાવો છો ? શું ઉપદેશ આપો છો ?

દાદાશ્રી : મારું ચારિત્રબળ છે ! કારણ કે જેટલું એનું શીલ, ચારિત્ર, એટલું બળ ! કમ્પ્લીટ મોરાલિટી, કમ્પ્લીટ સિન્સિયારિટી એનું નામ ચારિત્ર ! કમ્પ્લીટ મોરાલિટી, સેન્ટ પણ ઓછી નહીં, સેન્ટ સિન્સિયારિટી ઓછી નહીં, એનું નામ ચારિત્ર ! એ ચારિત્ર હોય ત્યાં બધું જ કહ્યા પ્રમાણે ચાલે.

[૫] વ્યસનોથી છૂટવાના પ્રાથમિક ઉપાય

[૫.૧] દારૂના વ્યસનથી છૂટવાના ઉપાય

મોટા વ્યસનમાંથી નાના વ્યસન પર આવી જવું

પ્રશ્નકર્તા : દાદા, હું સિગરેટ બહુ પીઉં છું.

દાદાશ્રી : બીજું શું પીઉં છું ?

પ્રશ્નકર્તા : કોઈ કોઈ વખત દારૂ પીઉં છું.

દાદાશ્રી : અને સિગરેટ ?

પ્રશ્નકર્તા : સિગરેટ વધારે પીવાય છે.

દાદાશ્રી : એ તો કો'ક વખત કરતા કરતા સિગરેટ પેસી ગઈ આ. માટે અડવું જ નહીં આ. દારૂ અને સિગરેટ તો બે અડવા જેવી ચીજ નથી. છતાંય આ સિગરેટ ને એ બધું તો ઠીક છે, પણ આ દારૂ ન હોવું જોઈએ. એક દારૂ એકલાની સોબત ન કરવી જોઈએ. સોબત થઈ ગઈ હોય તો ફ્રેન્ડશિપ છોડી દેવી જોઈએ. તમે એના બદલે બીજી સોબત કરો. બીજું કંઈ ના હોય તો પાન ચાલુ કરવા. સોપારી કેફ ચઢે એવી આવે છે. મહીં ખાધા પછી એમ થાય કે મગજ તર રહે છે, એવી સોપારી આવે છે. એવું કરીએ તો વાંધો નહીં. અને આ સિગરેટેય ખરાબ ન હોય. મન જરા બહુ ગૂંચાઈ ગયું હોય ને, તો મન બહેલાવા પૂરતું એકાદ પી લઈએ. પછી જ્યારે એ ગૂંચાતું બંધ થયું એટલે થઈ રહ્યું પછી. બીજા બધા વ્યસન એટલા બધા એ નથી, પણ વ્યસન માત્ર ખોટા તો ખરા જ. છતાંય મોટું વ્યસન કરતાં નાનું વ્યસન રાખવું સારું. મોટું વ્યસન પડી ગયું હોય તો નાના વ્યસન પર આવી જવું. અને મનને આપી દેવું, કે ભઈ, લે, આ લેજે, કહીએ હવે. પણ આ દારૂ ને એ બધું ના જોઈએ. આ તો મેડનેસ (ગાંડપણ) કહેવાય. જે આત્માને બેભાન કરે એવી દવા તો આપણને ના શોભે ને !

સિગરેટ બેભાન નથી કરતી પણ ઈન્ટૉક્સિકેશન કરે છે. મનને ચંચળ કરે છે. પણ શરીરને બહુ નુકસાનકારક. આ ચાયે મનને ચંચળ કરે છે. બેભાન નથી કરતી, પણ મનને ચંચળ કરે છે. એ સારી નહીં. અને બીજું શું, આપણને એ પરવશ રાખે છે. ચાયે પરવશ બહુ કરે પણ એ ભાન ના જતું રહે. ચાથી કંઈ ભાન જતું રહે ? અને દારૂ તો એક દહાડો વધારે ચડ્યો તો ? અરે ! લોકો ઘરમાં બેસાડીને સહીઓ કરાવી લે આમ ! દારૂ પાતા જાય ને સહીઓ કરાવી લે. પેલો બધી કરી આપે. અને પેલા હુક્કા, બીડીવાળાને કંઈ ભાન ના જતું રહે.

પ્રશ્નકર્તા : એવું જ તો આ તમાકુ ખાય, સિગરેટ પીવે તો એની અસર એવી થાય ખરી ?

દાદાશ્રી : એ સિગરેટની અસર બીજી રીતે થાય છે. એમાં આ જ રીતે શક્તિઓ ખલાસ નથી થતી, પણ એ છે તે મહીં અંદર પેલું અહીં આગળ છે તે કૅન્સર થાય, બીજું થાય, ત્રીજું થાય. એના કોઝીઝ મૂકતું જ જાય છે. અને સિગરેટેય છે તે જેટલું આપણે એનું જે ઈન્ટૉક્સિકેશન લઈએ છીએ, એટલું તો નુકસાન કરે જ છે.

પ્રશ્નકર્તા : કૅન્સર થાય તો કૅન્સલેય થઈ જવાય ને ?

દાદાશ્રી : હા, એ તો જોખમદારી છે જ જાણે કે, પણ પેલી (દારૂની) તો જોખમદારી બહુ ખોટી. રોજનું કૅન્સર એ તો, દરરોજનું કૅન્સર. ભાન જ ખોઈ નાખે ને !

આપણે તો બીજું બધું ઘણું પીવાનું છે, ઓહોહોહો ! એટલી બધી ચીજો છે ! કેટલી જાતના રસો ને ચાયો ને બધું ધમાલો કેટલી બધી છે, નહીં ? બધું ઘણું પીવાનું છે. અગર સોડા પી લઈએ તો શું વાંધો ? અરે, વિમ્ટો (સોફ્ટ ડ્રિંક) આવે છે ને, તેય પીઈએ તો શું વાંધો ? આ પેપ્સી-બેપ્સી પીઓ ને બધા બહુ જાતના રસ છે ! કેટલું બધું સુંદર છે ! અને દૂધમાં બદામો નાખીને પીઓ, નિરાંતે. વખત અહીં મળ્યો હોય, બદામો સસ્તી, બધું સસ્તું છે. એ તો પીતા નથી ને પેલું ખોળી

કાઢ્યું. લોક છતા સુખને ભોગવતા નથી અને અછતા (ન હોય એવા) સુખને ખોળે છે.

આત્મજ્ઞાન લઈ લે એ છૂટવાનો સહેલો ઉપાય

પ્રશ્નકર્તા : દારૂના વ્યસનથી છૂટવા સહેલા ઉપાયમાં શું ?

દાદાશ્રી : મને અમેરિકામાં એક માણસ મળ્યા'તા. તે ભાઈ છે તે એક ગૅલન દારૂ પીતો'તો, રોજ એક ગૅલન ! તે આ જ્ઞાન આપ્યું તે બંધ થઈ ગયું હડહડાટ ! જ્ઞાન આપ્યું ને, બિલકુલ બંધ. 'એ દાદાએ શું મારી ઉપર કર્યું તે આખો ગૅલન દારૂ છૂટી ગયો', કહે છે. આ 'અક્રમ વિજ્ઞાન' છે ! અમે આ બધાને જ્ઞાન આપ્યું, પછી કેટલાય લોકોને બંધ થઈ ગયું. પાપકર્મ જ નાશ થઈ ગયું એનું. મને તો કંઈક લોકો દારૂવાળા મળ્યા ને, તે મને મળ્યા પછી દારૂ છૂટી ગયેલા બધાના.

પ્રશ્નકર્તા : છૂટે ખરો એમ ? જ્ઞાની મળ્યા પછી છૂટે ખરો ?

દાદાશ્રી : હા, બધું છૂટી જાય. જ્ઞાની મળ્યા પછી શું ના છૂટે આ દુનિયામાં ! અને હું તમને બધું સુખ આપવા તૈયાર છું. કાયમ દુઃખ ઉત્પન્ન જ ના થાય, એવું આપું તો તમે છોડી દો કે ના છોડી દો ? એ બધું કાયમનું સુખ આપી દઉં. પણ થોડા બે-ત્રણ મહિના છોડો ને, પંદર દહાડા, મહિનો, આ ભૂમિકા તૈયાર થવા માટે છોડી દો.

પ્રશ્નકર્તા : હા, છોડી દઉં. એ તો છોડાય.

દાદાશ્રી : હા, તમે પંદર દહાડા છોડી દો ને ! પછી જો તમને એમ લાગે, કે દાદાજી, આપને આપ્યું (આ છોડ્યું) પણ સંતોષકારક નથી, તો ફરી પીજો. આપણે ક્યાં ખોટ જવાની ? હું કંઈ એવો બાંધું છું ઓછો આ એગ્રીમેન્ટથી ? પણ પંદર દહાડા તો છોડી દો.

કેટલા વણિકોય બોલ્યા, કે 'દાદા, થોડું થોડું લઈએ છીએ.' મેં કહ્યું, 'બળ્યું, આ શોભે નહીં.'

પ્રશ્નકર્તા : પણ લગભગ તો બધાએ જ છોડી દીધું છે, દાદા. આ જ્ઞાન મળે એટલે ઑટોમૅટિક છૂટી જાય.

દાદાશ્રી : હા, હવે છોડી દે છે. મીટ (માંસ) અને દારૂ બેઉ છોડી દે છે. ઘણાએ છોડી દીધું. મને પ્રૉમિસ આપ્યા, હવે દાદા નહીં પીઉં. દુઃખને માટે જ એમાં પડે છે, મહીં શાંતિ ના રહે એટલે. અત્યારે દાદા યાદ રહે તોય કેટલું સારું ! 'દાદા' બોલે ત્યાંથી જ શાંતિ થઈ જાય. વર્ડ 'દાદા' રેડિએટ્સ ! શું થાય છે ?

પ્રશ્નકર્તા : વર્ડ 'દાદા' રેડિએટ્સ ('દાદા' શબ્દ જ કામ કરે).

છૂટી ગયા પછીયે 'સારો છે' એવું બોલાય નહીં

પ્રશ્નકર્તા : આ દારૂ પીધાથી જે બધું ડૅમેજ (નુકસાન) થયું હોય મગજને, મગજના પરમાણુઓને જે ડૅમેજ થઈ ગયું હોય, તે ડૅમેજ ફરીથી રિબિલ્ટ કેવી રીતે થાય ?

દાદાશ્રી : એ કંઈ રસ્તો જ નથી એનો. એ તો ટાઈમ જ પસાર થશે તેમ તેમ એ થશે. પીધા વગરનો ટાઈમ જશે ને પસાર થશે, તેમ તેમ એ બધું ખુલ્લું થતું જશે. એકદમ ના થાય. પીવાનું બંધ કરી દીધું છે ને ? હવે એને કરવાનું શું, કે 'દારૂ પીવો એ ખરાબ છે', એવું કાયમ બોલવું.

પ્રશ્નકર્તા : અચ્છા, બંધ કર્યા પછીયે બોલવું.

દાદાશ્રી : પછીયે બોલવાનું. 'સારો છે' એવું કોઈ દહાડો ના બોલીશ. નહીં તો ફરી એની અસર થશે પછી. 'સારી વસ્તુ છે' એવું ક્યારેય માનશો નહીં.

[૫.૨] અન્ય વ્યસનોમાંથી છૂટવાના ઉપાય

વ્યસન છોડવા શક્તિ માગવી ને ભાવના ફેરવવી

પ્રશ્નકર્તા : સિગરેટ છોડવાને માટે શું કરવું ?

દાદાશ્રી : સિગરેટ પીધી એ પૂર્વજન્મના આધારે, પણ તમારે મનમાં ભાવ કરવો જોઈએ, કે આ પીવી ના જોઈએ. સિગરેટ પીવાઈ

ગઈ એ પૂર્વજન્મના આધારે. તમારે ના પીવી હોય તોય સંજોગો એવા થઈ જાય કે પીવાઈ જાય. એટલે તમારે ભાવ કરવો જોઈએ, કે આ પીવી ના જોઈએ, તો આવતો ભવ પીધા વગરનો થશે. પૂર્વભવમાં ભાવના કરી છે, તેથી આ પીવાય છે, પણ હવે ફરી નવેસર ભાવના ફેરવી નાખે તો ફરી શકે એમ છે. કેવું છે ? છોડવાની આપણે ભાવના કરી શકીએ. છોડી શકીએ કે ના છોડી શકીએ એ જુદી વસ્તુ છે. આજે ભાવના કરીએ તો આગળ ઉપર એનું ફળ આવે. હવે બોલ્યા કરજો, કે 'દાદા ભગવાન, મને સિગરેટ છોડવાની શક્તિ આપો.' એવું બોલ્યા કરજો.

'અસીમ જય જયકાર'નો ઉપાય

પ્રશ્નકર્તા : બીજો કોઈ રસ્તો બતાડો.

દાદાશ્રી : 'દાદા ભગવાનના અસીમ જય જયકાર' બોલવાનું શરૂ કરો એક વાર. પછી ધીમે ધીમે મન મજબૂત થશે. પછી આપણે કરીશું વિધિ. તને આ 'દાદા ભગવાનના અસીમ જય જયકાર' બોલવાનું ગમશે ?

પ્રશ્નકર્તા : હા, દાદા, ચોક્કસ ગમશે.

દાદાશ્રી : ગમે ત્યાં આગળ, તારે રૂમમાં બેઠા બેઠા થોડી વાર બોલવું. આઠ મિનિટથી ઓછું નહીં. એનાથી વધારે બોલાય તો સારું. ટાઈમ મળે તો ઠીક છે, નહીં તો આઠ મિનિટ તો બોલવું જ. એ તને હેલ્પ કરશે બધું. અંદર વિટામિન છે આ.

ટેકો આપનાર ને ટેકો પાડનારેય આપણે જ

તમે સિગરેટ-બિગરેટ પીઓ છો કે ? સિગરેટ-ચા નહીં ?

પ્રશ્નકર્તા : ખરું. સિગરેટ ઓછી, પણ ચા પીઈએ. ચાનું તો વ્યસન છે અને ખૂબ વધી ગયું છે. ચા તો પીવાની ગમે. ગમતી હોય ત્યાં શું કરવું, દાદા ?

દાદાશ્રી : હા, એ તો ગમે. પણ જ્યારે ના ભાવે એવી બનેલી આવે ને, ત્યારે મનમાં એમ થાય કે બળી, આ ચામાં કશું ભલીવાર નથી, પીધી જ ના હોય તો સારી. ત્યાર પછી અભિપ્રાય બદલાતો જાય. અભિપ્રાય બદલાતો બદલાતો શૂન્ય થઈ જાય. આ તો અભિપ્રાયથી જ ઊભું રહ્યું છે બધું. આપણે જ ટેકો આપનાર ને ટેકો પાડનારેય આપણે. તેમ છતાં આની પર બહુ પ્રયોગો ના કરવા. આવી આ રોજની જરૂરિયાત વસ્તુ છે ને, એની ઉપર પ્રયોગ ના કરવા. કારણ કે આ બહુ નુકસાનકારક નહીં ને ! બીજા પ્રયોગ બધા બહુ બાકી છે. ચા તો જરાક ઠીક છે, મનને જરા મોજ કરાવડાવે. ઘડી વાર સવારના પહોરમાં ને બપોરે મોજ કરાવે. 'સારી' કહી કે વળગે. 'નઠારી' કહી કે નાસે.

પ્રશ્નકર્તા : 'નઠારી છે', એમ કહેવું જોઈએ.

દાદાશ્રી : નઠારી એવું નહીં, 'મને ભાવતી નથી' એમ બોલે ને, એટલે ના ભાવતી થઈ જાય પછી. પણ 'મને ભાવતી નથી' એવું જો રોજ કહીએ તો તો પછી એ ચા છૂટી જાય. એવું છે ને, બધું છોડીને શું કાઢવાનું ? આ કંઈ બહુ નુકસાનકારક નથી. પણ પેલી કુટેવોમાં ના જશો. સિગરેટ છે, દારૂ છે, એ કુટેવોમાં ના જશો. જેને હોય તો ધીમે ધીમે બંધ કરી દેજો. બાકી ચા જેવી વસ્તુ રાખજો. કારણ કે સંસારમાં રહેવાનું ને, ઈન્ટૉક્સિકેશન જોઈએ થોડું. એટલે આ રહે ને બીજી ખરાબ વસ્તુઓ કાઢી નાખવી.

[૬] વ્યસનોથી છૂટવા 'ચાર સ્ટેપ'નો અનોખો રસ્તો

સ્ટેપ ૧ : 'ખોટું છે' એ જ્ઞાન હાજર રાખવું

ન છૂટે તોય, 'ખોટું છે' એવું જ્ઞાન નિરંતર રહેવું જોઈએ

પ્રશ્નકર્તા : મને સિગરેટ પીવાની ખરાબ ટેવ છે, એ સિગરેટ મારી છૂટે છે ને ફરી પાછી આવી જાય છે, તો કાયમ છૂટે એવો કોઈ પદ્ધતિસરનો ઉપાય બતાવો ને !

દાદાશ્રી : એ એને તું એવું રાખજે, કે આ ખોટી છે, ખરાબ વસ્તુ છે, એટલે છૂટી જશે.

પ્રશ્નકર્તા : હા. દાદા, મને જ્ઞાન હોય, કે આ હું કરું છું તે ખોટું કરી રહ્યો છું, મને ગમતું પણ ન હોય, પણ છતાંય તે છૂટતું ના હોય, તો શું કરવાનું ?

દાદાશ્રી : છૂટાતું નથી, તેનો સવાલ નથી. હંમેશાં 'આ વસ્તુ ખોટી છે', એ માન્યા કરજે. અને એ ના છૂટે તો મનમાં 'આ ખોટું છે' એવો ખ્યાલ નિરંતર રહેવો જોઈએ. એ ખોટું છે, એ જ્ઞાન નિરંતર, એક ક્ષણ વાર જવું ન જોઈએ. તે આ જ્ઞાન સમજો, કે 'આ ખોટું છે', ત્યારથી એ ગાંઠો છેદી નાખે. 'આ મારું અહિતકારી છે' એવું એને સમજાય, એવું જ્ઞાન એને પ્રાપ્ત થાય તો. જ્ઞાન એકલો જ પ્રકાશ છે આ જગતમાં. એવું જ્ઞાન એને પ્રાપ્ત થાય, તો એ છેદી નાખે.

સ્ટેપ ૨ : કઈ રીતે 'ખોટું છે' એની વિગત ભેગી કરવી

પહેલા સમજમાં છૂટે પછી કાળક્રમે એક્ઝેક્ટ છૂટે

પ્રશ્નકર્તા : આ સિગરેટનું વ્યસન ખોટું છે, એવું નિરંતર સમજમાં રહ્યા જ કરે તો છૂટી જાય ખરી ?

દાદાશ્રી : એ સમજથી છૂટી જાય ખરી. સમજથી છૂટી જવું એટલે શું ? સમજથી સમજમાં છૂટી જવું. એક્ઝેક્ટ (વર્તનથી) છૂટી નથી ગયું એ. પછી એક્ઝેક્ટ છૂટતા વાર લાગે, ટાઈમ લે. પહેલું સમજથી સમજમાં છૂટી જવું જોઈએ, ત્યાર પછી એક્ઝેક્ટ છૂટે.

પ્રશ્નકર્તા : એટલે એનો અર્થ એ થાય, કે જો સમજણ બરોબર દૃઢ થઈ જાય, તો અમલમાં શક્યતા...

દાદાશ્રી : બસ, પછી આવ્યા વગર રહેશે નહીં. છૂટકો જ નહીં. સમજણ એ ઍક્ચ્યુઅલ, ઍક્ચ્યુઅલી થયું એનું નામ જ અમલ. અમલમાં લાવવું પડે નહીં, અમલમાં આવે જ ! બે બૉટલો પડી છે, આવડી આવડી.

બન્નેમાં સફેદ પાવડર છે; એકમાં વિટામિન છે અને એકમાં પૉઈઝન છે. પૉઈઝન ઉપર પૉઈઝન લખેલું છે, વિટામિન ઉપર વિટામિન લખેલું છે, પણ બન્ને સફેદ પાવડર છે. હવે ફાધરને વિટામિન લેતા દીઠા હોય, તે છોકરું જાણે કે લાવ, હું પણ આ ફાધરની સાથે ચાખું એ. હવે એ છે તે એને બદલે પૉઈઝન લઈ લે. લઈ લે કે ના લઈ લે ?

પ્રશ્નકર્તા : લઈ લે.

દાદાશ્રી : બેઉ સફેદ, સરખું દેખાય, વાંચતા આવડતું નથી. ત્યારે કહે, આને હવે શું કરવું જોઈએ એના બાપે ? કે 'ભઈ, જો આ શીશીમાંથી લઈશ તો તું મરી જઈશ.' તે 'મરી જઈશ' કહેવાથી એને જ્ઞાન થઈ ગયું એવું નથી. કહ્યું માટે થઈ ગયું એને જ્ઞાન ? પછી એ છોકરો પૂછે, 'પપ્પાજી, મરી જઈશ એટલે શું ? કયે ગામ જઈશ હું ?' ત્યારે કહે, 'પેલા કાકા આપણે હતા ને, તે મરી ગયા તે એમને ઠાઠડીમાં બાંધીને લઈ ગયા.' એટલે એના ખ્યાલમાં આવે, કે આવું કંઈક મરી ગયા છે એટલે પછી આવું લઈ જાય છે. એટલે એ જરાક સમજાય ને, તો પછી ના અડે એ. સમજણ ફિટ થાય પછી એ ના અડે. આ સમજણ ફિટ નથી થઈ હજી. એનો કાળેય માગે છે પાછો. કાળેય હિસાબ માગે છે. જે પ્રતીતિમાં આવ્યું અને જે સમજણમાં આવ્યું તે વર્તનમાં અવશ્ય થવાનું છે એ નિર્વિવાદ છે.

પ્રતીતિ બેસતા પ્રેમ ઘટે ને એના ગુણ-દોષ દેખાય

પ્રતીતિ બેઠા પછી બીડીના ગુણ-દોષ આપણને પ્રગટ થાય, ત્યારે અનુભવ થાય. પહેલા તો પ્રેમ હતો ત્યાં સુધી ગુણ-દોષ દેખાતા જ નહોતા ને ! ઉધરસ આવી તે આ બીડીને લીધે આવી એવું નહીં, એ તો આવે ઉધરસ તો. આ બીડીને લીધે આમ થાય છે, તેમ થાય છે, એ બધા બીડીના ગુણ-દોષ છે તે દેખાતા જાય. જ્યારથી આપણો એના પ્રત્યે પ્રેમ ઘટી જાય, એટલે ગુણ-દોષ દેખાવાના શરૂ થાય. અને જ્યાં આપણો પ્રેમ હોય ત્યાં અવગુણ, દોષ હોય તોય ખબર ના પડે. તમને જેની પર પ્રેમ

હશે ને, એનામાં દોષ હોય તો નહીં દેખાય તમને. પણ પ્રેમ ઘટી જાય છે ત્યારે ખરેખરા દોષ દેખાય છે.

સ્ટેપ ૩ : ઊંધા વર્તન સામે પશ્ચાત્તાપ કરવો ને શક્તિ માગવી

પ્રતિક્રમણથી અભિપ્રાય ફરે ને વ્યસનનો અંત આવે

પ્રશ્નકર્તા : આ ચંદુભાઈ તમાકુ ખાય છે અને સાથે ભાવ પણ કરે છે કે આ ખોટું છે, પણ તોય એનાથી ખવાય છે, તો તેના માટે બીજું શું કરવું ?

દાદાશ્રી : આ ખાય છે એને છે તે પ્રતિક્રમણ કરાવો. કારણ કે એ પ્રતિક્રમણનો શું અર્થ અહીં આગળ થાય ?

પ્રશ્નકર્તા : પ્રતિક્રમણ એટલે મારાથી પ્રકૃતિના કારણે કર્મ તો થઈ જાય છે, પણ એનો મને પસ્તાવો છે, મારે છોડવું છે, એ જાતનું.

દાદાશ્રી : હા, પસ્તાવો થયો, પણ પ્રતિક્રમણનો અર્થ શું ? પોતે તમાકુ ખાય છે, એ અભિપ્રાયથી વિરુદ્ધ ચાલ્યો. અભિપ્રાય છૂટી ગયો એનો. આપણો અભિપ્રાય ફર્યો, એટલે એનું આયુષ્ય આવી રહેવાની તૈયારી થઈ. અભિપ્રાયથી આ જીવતું રહ્યું છે.

એક માણસ બીડી કે સિગરેટ પીતો હોય, તે પહેલા શરૂઆતમાં તો મજબૂત થઈ જાય એની એ ટેવ. અને ત્યાં સુધી એને સારુંય લાગે આ બાબતમાં. પણ પછી કંટાળે કે બળી, હવે આ છોડી દેવી છે. છોડી દેવી, છોડી દેવી કરે, હવે ત્યારથી એનો અભિપ્રાય ફર્યો એ. અભિપ્રાય એક થવાથી એને એ ટેવ પડી ગઈ. હવે અભિપ્રાય તો ફર્યો એનો, એટલે છૂટી જવાની એ વાત નક્કી. હવે ઍક્શન નહીં થવાનું. રિઍક્શન એકલું રહ્યું છે, તે ઍક્શન નહીં કરે એટલે પછી પૂરું થઈ જશે. અભિપ્રાય ફર્યે છૂટી જ ગયેલું છે. લોકો અભિપ્રાય છોડાવે નહીં. હું અભિપ્રાય જ ફેરવું છું. બીજું કંઈ મારે તારા કાર્ય નથી ફેરવવા. તારો અભિપ્રાય ફેરવું છું.

પશ્ચાત્તાપ ને શક્તિ માગવાથી કરારો છૂટા થાય

સમજાય છે ને તને ? સમજાયું કે નહીં ?

પ્રશ્નકર્તા : હા, દાદા.

દાદાશ્રી : હવે બીજું છે તે નવ કલમો બોલો. એક જણને મેં નવ કલમો લખી આપી, કાગળિયા ઉપર. એ બીડીઓ બહુ પીતો'તો. તે બીડીની કલમ લખી આપી, દસમી કલમ, બીડીની.

પ્રશ્નકર્તા : બીડીની !

દાદાશ્રી : એ બીડી પીધી, પિવડાવી, પીતા પ્રત્યે અનુમોદી તેની ક્ષમા માગું છું, એ બધું લાંબું લખી આપ્યું. મેં કહ્યું, 'હવે રોજ આ દસ કલમો બોલજે, તેમાં આ દસમી છે ને, તે રોજ પચ્ચીસ-પચ્ચીસ, ત્રીસ-ત્રીસ વખત બોલજે.' તે બે મહિનામાં છૂટી ગઈ.

એ દારૂ પીતો હોય ને, તે નવ કલમમાં દસમી કલમ મૂકે, કે 'આ અત્યાર સુધી મેં પીધો, પિવડાવ્યો, પીતા પ્રત્યે અનુમોદ્યો તેની ક્ષમા માગું છું, હવે નહીં પીઉં', એવું એ રોજ બોલ્યા કરે ને, તો એ ખલાસ થઈ જાય ! પીતો હોય તોય ખલાસ થઈ જાય ! દારૂ પીતો હોય, બીજું કરતો હોય, ઊંધું-છતું કરતો હોય, તો પણ આ શક્તિ માગ માગ કરે અને પસ્તાવો જો કરે કે અત્યાર સુધી આ દારૂ પીધો તેનો પશ્ચાત્તાપ કરું છું. હવે ન પીવાની મને શક્તિ આપો. છતાં પીવે, પણ શક્તિ માગ્યા કરવાની. તો એનાથી કરારો છૂટા થાય, નહીં તો પુદ્ગલનો સ્વભાવ ગુલાંટ મારવાનો છે. એટલે આ ભાવના ભાવવાની.

સ્ટેપ ૪ : ઉપરાણું ક્યારેય ન લેવું

છોડવું છે છતાં ઉપરાણાથી વીસ વર્ષનું આયુષ્ય વધારે

પ્રશ્નકર્તા : વ્યસન ખોટું છે એ સમજમાં હોય, શક્તિ માગતા હોઈએ, અને આંટા પણ ઉકેલતા હોઈએ છતાંય છૂટતું ના હોય તો ક્યાં ભૂલ થઈ જતી હોય છે, એના વિશે સમજાવશો ?

દાદાશ્રી : એ શું કરે છે ? બીડીને આયુષ્યદા (આવરદા) આપે છે. છોડવી છે ખરી બીડી, પણ આયુષ્ય વધારતો જાય છે પોતે. એક્સટેન્શન કરી આપતો જાય છે, વીસ વર્ષ વધારે. શી રીતે આયુષ્ય વધી જતું હશે ? એ જાણતો હોય, કે બીડી ખરાબ છે. રોજ કહેય ખરો, કે બીડી કોઈ દહાડો પીવા જેવી નથી. આ પીઉં છું તે જ ખોટું છે. દસ વર્ષ સુધી આવું 'બીડી ખરાબ છે' એવું માનતો હોય, પણ એક દહાડો કોઈ માણસ એમ કહે, કે 'આવું ખોટું શું કરવા કરો છો ?' તે ઘડીએ આપણે ઉપરાણું લઈએ, કે 'ના, એનો કશો વાંધો નહીં.' એ પાછું વીસ વર્ષ વધારે જીવે. અભિપ્રાય બદલાયો છતાં એક્સટેન્શન આપે છે. એ 'વાંધો નહીં' કહીએ, એટલે મહીં એ બીડીની જે ગ્રંથિ છે એ જાણી જાય, 'કે આ ધણી જે આપણને કાઢવા ફરે છે, એ પોલો છે.' એટલે એનું આયુષ્ય વધી ગયું વીસ વર્ષ સુધી.

આ તો ટેવ તો ગયા અવતારની છે, પણ આ નવું શું થયું તે ? અજ્ઞાનતાથી શું નુકસાન થયું ? ત્યારે કહે, ભયંકર નુકસાન થયું. આવતા ભવનો હિસાબ બાંધતો જાય. અને આમ છૂટે જ નહીં એ. કારણ, રક્ષણ કર્યું જ હોય. તમને નથી લાગતું રક્ષણ કરે ?

પ્રશ્નકર્તા : કરે. એના સપૉર્ટમાં બધી દલીલો લાવીને મૂકી દે, એટલે પછી એને પ્રોત્સાહન મળ્યા કરે.

દાદાશ્રી : હા, એટલે બીડી છૂટે નહીં પછી.

પ્રશ્નકર્તા : હા, કેટલાક પીતા પીતા એમ કહે છે, કે 'આઈ સ્મોક આઉટ માય મિઝરી. હું મારા દુઃખોને ધુમાડો કરી નાખું છું.'

દાદાશ્રી : હા, ધુમાવીને બધું ઉડાડી મેલે છે ને ! હવે એ બીડીનું રક્ષણ કરે છે. શું કરે છે ? બીડીને આયુષ્યદા આપે છે. હવે આ જગ્યાએ અહીં શું બોલવું જોઈએ, કે 'ભઈ, એ મારી નબળાઈ છે, એટલી નબળાઈ બાકી છે તે હું કાઢી નાખીશ હવે.' આ પાંસરા રહીને બોલવામાં વાંધો ખરો ? પણ પાંસરો રહેતો જ નથી, મૂઓ !

આબરૂ ન જવા દેવા હારુ ઉપરાણું લે

કો'ક કહે, 'સિગરેટ છોડી દે ને !' ત્યારે કહે, 'ભઈ ના, એમાં શું વાંધો ? છોડવાની જરૂર નથી.' આ બચાવ કરે છે એ ઉપરાણું કહેવાય. પોતાનો બચાવ કરે છે તે ઉપરાણું ! તું ઉપરાણું ગમે તે લઈ લઉં. અને તારે તો અંદરખાને કાઢી મેલવી છે. પણ આ બધામાં આબરૂ જાય, એટલા હારુ ઉપરાણું લઉં છું. તે મૂઆ, આબરૂ છે જ ક્યાં, તે વળી આબરૂ રાખવા જાય છે તું ? કહી દેવાની નિર્બળતા આપણી, કે 'ભઈ, આ તો નિર્બળતા છે જ મારામાં. આ તમે તો આજે દીઠી પણ મને તો કાયમ દેખાય છે.' નિર્બળતા ને સબળતા કોણ કહેવાનું ?

પ્રશ્નકર્તા : દાદા, મારે તો ઊલટું આબરૂ સાચવવા હું ઘરમાં જાહેર કરું કે બીડી નથી પીતો પણ સંડાસમાં જઈને પી લઉં છું.

દાદાશ્રી : છાનામાના સંડાસમાં પીવી તેના કરતાં જાહેરમાં પીવી, કારણ કે જાહેરમાં પીનારની આબરૂ તો દેખે કે કેવા માણસ છે ! તે આબરૂ જાહેરમાં બતાડવી. લોકો ચંદુભાઈની આબરૂ જોવા આવે તેના કરતાં આપણે જ બતાડી દઈએ આબરૂ, કહીએ કે બરકત કશી નથી. અને હજાર માણસની વચ્ચે પબ્લિકમાં તારી આબરૂ લેતો હોય તોય કહી દે, કે 'ભઈ, આ મારી નબળાઈ છે.' જે પોતાની નબળાઈ જાહેર કરે છે, તે મૂળ જગ્યાએ પહોંચે છે. ખાનગીમાં તો હઉ કોઈ નબળાઈ જાહેર કરે.

પ્રશ્નકર્તા : તમે એક વખત કીધેલું, કે વિવેક વાપરવાની જરૂર. નબળાઈ નબળાઈ કરીને એને જસ્ટિફાય (બચાવ) કરવાની જરૂર નહીં.

દાદાશ્રી : હા, એ બરોબર છે. નબળાઈ નબળાઈ એ કરીને બચાવ કરવાની જરૂર નહીં. એવું છે, કે નબળાઈને માટે આપણે એ હોવું જોઈએ, કે આ મારે નબળાઈ રાખવી નથી. એ નિશ્ચય હોવો જોઈએ.

ખરો રસ્તો ન જાણવાથી આખું જગત ફસાયું છે

તમે શું કરશો હવે ? શું કહો છો ?

પ્રશ્નકર્તા : બસ એમ જ, દાદા. નબળાઈને એક્સેપ્ટ કરી લેવાની.

દાદાશ્રી : હા, એક્સેપ્ટ કરવાનું. ખોટું છે એને ખોટું તો આપણે એક્સેપ્ટ જ કરવું જોઈએ. કહી દેવું જોઈએ, કે અમારી નબળાઈ છે. આવું ચોખ્ખું-ક્લિયર કરો ને, તો એનો એન્ડ આવશે. એટલે આ રસ્તો એનો. આ હું એકલો જ આવું બોલું છું, હોં. હું એકલો જ આ ખરો રસ્તો બતાવું છું. એ રસ્તો જાણતા નહીં હોવાથી આખું જગત ફસાયું છે. માર્ગ જુદો જ છે ને ! અમે કોઈ વસ્તુનું ઉપરાણું લીધું નથી. અને તમે ઉપરાણું લેતા હોય તો બંધ થઈ જજો. એક્સટેન્શન થાય છે એનાથી. દરેક સંયોગ વિયોગ સહિત જ હોય છે, પણ આ લોકો વિયોગને એક્સટેન્શન આપ્યા કરે છે. તેથી આ ઊભું રહ્યું છે. તે અમે કહીએ છીએ, કે અલ્યા, કાઢો ને આ રસ્તે... તેય રસ્તેસર નીકળશે આ બધું.

પ્રશ્નકર્તા : દાદા, આ વાત એવી સૂક્ષ્મ થાય છે, કે ક્યાંય...

દાદાશ્રી : હોઈ શકે નહીં. આ પુસ્તકમાં ના હોય, બીજે ના હોય. આ તો આ મારા જ્ઞાનમાં દેખાય બધું આ.

[૭] ફેમિલીમાં કોઈને વ્યસન હોય તો...

ઘરનાનો પ્રેમ દેખે તો વ્યસનમાં ન પેસે

પ્રશ્નકર્તા : પતિદેવની ખરાબ આદત સુધારવાનો રસ્તો બતાવશો.

દાદાશ્રી : પતિદેવની ખરાબ આદત સુધારવા માટે તો પહેલું આપણે સુધરવું પડે. હું સુધરીને બેઠો છું, એ પછી અહીં આવે છે એ બધાની ખરાબ આદતો ધીમે ધીમે ઓછી થતી જાય છે. એટલે તમે સુધરીને બેસશો તે ઘડીએ છોકરાની કે પતિદેવની બધીય આદત ઓછી થતી જશે.

પ્રશ્નકર્તા : દાદા, મારા હસબન્ડને બ્રાન્ડી છૂટતી જ નથી, તો પછી એમાં મારે શું કરવાનું ?

દાદાશ્રી : બ્રાન્ડી ન પીવે, એવો તમે પ્રેમ આપો ને, તો બ્રાન્ડીય બંધ કરી દેશે. એ તો ઘરમાં પ્રેમ ના દેખે એટલે પછી બહાર જઈને પી આવે, મૂઓ. તમારા ઘરમાં પ્રેમ દેખે, એટલે એ બધું છોડી દે. પ્રેમની ખાતર દરેક વસ્તુ છોડી દેવા તૈયાર છે. આ પ્રેમ ના દેખે એટલે બ્રાન્ડી જોડે પ્રેમ કરે, ફલાણા જોડે પ્રેમ કરે. નહીં તો બીચ ઉપર ફર્યા કરે. 'અલ્યા મૂઆ, અહીં તારા બાપે શું દાટ્યું છે ? ઘેર રહે ને !' ત્યારે કહે, 'ઘેર તો મને ગમતું જ નથી.' એટલે કંઈક વિચારવું પડશે, આમ ક્યાં સુધી ચાલશે આપણે ? ઘરમાં પ્રેમ વધારો. છોકરાં પણ ખુશ થઈ જાય અને બહાર જે દોડધામ કરતા હોય તે ના કરે, એ ઘેર આવતા રહે.

વ્યસન હોય ત્યાં વઢવું નહીં, સમજ આપવી

પ્રશ્નકર્તા : દાદા, આપણા છોકરાંઓ મીટ ખાય, દારૂ પીવે એ બધું કરતા હોય, એની શું અસર થાય અને એને કેવી રીતે બંધ કરવા ?

દાદાશ્રી : સમજણ પાડે તો થઈ શકે, માર-માર કરવાથી ના થાય. આપણે એને એટલું જ કહેવાનું, કે ભઈ, આ આપણને શોભે નહીં. આપણે ખાનદાન કુટુંબના, આવું ના શોભે. આનાથી તબિયતને હેરાનગતિ થાય, એવું બધું વાતચીત કરવાની. નહીં કે વઢવાનું કે મારવાનું. વઢવા-મારવાનું ના હોય. એટલે સમજાવવાનું, કે ભઈ, આપણને શોભે નહીં. આમ છે, તેમ છે. તેમ છતાં ના માને તો ફરી સમજાવવાનું. તેમ છતાં ના માને તો ફરી સમજાવવાનું. એના કર્મના ઉદય શમશે એટલે આ આપણું આપેલું જ્ઞાન એને હાજર થશે. કર્મના ઉદય શમશે ત્યારે. એટલે આપણે સમજણ પાડીએ ને રોજ, તે એ મનમાં નક્કી કરતો હોય, કે એમની વાત સાચી છે. મારા બાપુજી કહે છે, પણ મારાથી આવું થઈ જાય છે, મારે નથી કરવું તોય. તે નક્કી કરતો કરતો, કે સાચું છે, સાચું છે, એમ કરતો કરતો સાચો થઈ જાય.

પણ આપણે બહુ કહીએ ને વઢીએ ને, ત્યારે એને અહંકાર તો ખરો ને બિચારાને, કે 'શું વઢ વઢ કરો છો ? મારી ઈચ્છા નથી ને વઢ વઢ કરો છો ?' એટલે અવળો ફરે. આ તો છોકરાં મહીં નક્કી કરે, 'અત્યારે લઢો ને તમારી મેતે, અમે કરવાના.' એને જે ખોટું લાગતું'તું મનમાં કે આ ખરાબ છે, ખરાબ છે, એને પોતાને જે જ્ઞાન બોલતું'તું તેય પણ ફરી જાય છે. અને એ 'કરવાનો છું' એવો એ નિશ્ચય કરે છે, દઢ નિશ્ચય કરે છે. 'જાવ, જે થવાનું હોય તે, કરવું હોય તે કરજો', કહેશે. અને પછી એથી જો વધારે મારવામાં આવે ને, તો તો મોટી ઉંમરનો થઈને માર્યા વગર નહીં છોડું, કહેશે. આ આવું કામ કરે છે !

રોગ કે વ્યસન, બેય કર્મના ઉદયથી

આપણા લોક વઢ વઢ કરે આખો દહાડો, કચકચ કરે, મારે. અને માંદો થઈ જાય તો વઢે નહીં. શું કારણ ? આવું કશું થઈ જાય એને, તો કોઈ વઢે ?

પ્રશ્નકર્તા : ના, તો ન વઢે.

દાદાશ્રી : કેમ એમ ? એય કર્મના ઉદયથી છે ને આય કર્મના ઉદયથી છે. એનાય અંતરાયકર્મ હશે ત્યારે ને ! જેમ આ વીસ વર્ષે ટાઈફૉઈડ થાય, એય એક રોગ છે, કર્મના ઉદયથી. અને આ બીડી, હૉટેલોમાં ખાતો-પીતો હોય એય કર્મના ઉદયથી, એક પ્રકારનો રોગ છે. કર્મના ઉદયે જ છે આ બધું. સંજોગો મળી આવે તો એ રસ્તે ચડી જાય. આપણા લોક કહેય ખરા, 'મૂઆ, કુસંગી થઈ ગયો છું.' ત્યારે મૂઆ, સંજોગોના આધારે છે એ, તેનો શો દોષ છે ? આવું છે.

આ તો કુદરતી રીતે સુધરવાનું તે સુધરે છે. બાકી એકેય બાપ સુધારતો નથી. બાપ જ સુધરેલો નહીં ને !

પ્રશ્નકર્તા : પણ એ રીતે તો કોઈ પૂર્ણ નથી ને ?

દાદાશ્રી : પૂર્ણને શું કરવું છે તારે ? પૂર્ણનું આપણે કામ જ નથી.

આ વ્યવહાર ચલાવે એટલું તો જોઈએ, બળ્યું. જે વ્યવહારમાં પડ્યા છીએ, એ વ્યવહાર તો ચોખ્ખો ચલાવવો પડે ને ! આપણાથી બિચારા છોકરાંનું બગડે નહીં, એવું તો કરવું જોઈએ ને ? આપણે ઘેર પાક્યા હોય એટલા, બીજાનું, પાડોશીનું નહીં કોઈ. આપણી શક્તિ હોય તો પાડોશીનું કરી આપવું, નહીં તો આપણા તો પાંસરા કરો. વ્યવહાર સુંદર હોવો જોઈએ !

[૮] અક્રમ વિજ્ઞાનની દેણ, વ્યસનીને વાળ્યા મોક્ષમાર્ગે

'વ્યસની કેમ ?' એવું અમે ના કહીએ

પ્રશ્નકર્તા : બીડીનું વ્યસન હોય, ચાનું વ્યસન હોય તો એને મોક્ષ મળે ?

દાદાશ્રી : મોક્ષ, કોઈને વાંધો નથી. વાંધાજનકવાળો મોક્ષ નથી. જે સરળ થાય ને, તેને મોક્ષ. જે કોઈ જીવ સરળ થાય. મોક્ષ પોતે જ સરળ સ્વભાવનો છે. જે કોઈ સરળ થશે તેનો મોક્ષ થશે. આ બીડી અને ચા, એ તો એને પોતાને જ સમજાશે, કે આ તો ઊલટું બંધાયેલું રહેવું પડે મારે. આ વળગણ વળગ્યા છે. એટલે એની મેળે જ વળગણથી છૂટો થશે.

પ્રશ્નકર્તા : દાદા, આપની પાસે તો દારૂડિયા આવ્યા તેનેય પણ આપે એમ નથી કીધું, કે તું દારૂ કેમ પીએ છે અને તારે ના પીવો જોઈએ !

દાદાશ્રી : એવું ના કહેવાય એને. અમે શું કહ્યું ? કે તું વ્યસની થઈ ગયો છું, તેનો મને વાંધો નથી. પણ જે વ્યસન થયું હોય, તેનું ભગવાન પાસે પ્રતિક્રમણ કરજે. લોકો વાંધા ઉઠાવે છે, કે તું દારૂ કેમ પીઉ છું ? તે મૂઆ, વધારે બગાડું છું એને. એનું અહિત કરી રહ્યા છે !

પ્રશ્નકર્તા : પણ દાદા, હવે જે એમાં જ સુખ માનતું હોય તેને શું ?

દાદાશ્રી : માનતું હોય, એ માને પણ પોતાને મહીં અંદર તો

થાય, બળ્યું. એ તો મોઢે કશું બોલે નહીં. મનમાં તો બહુ જ કંટાળે. સંસ્કાર પાછલા છે, આજના સંસ્કાર આવા નથી. આજ તો બળ્યો પસ્તાવો થાય, કે આવું ન થાય તો સારું. પસ્તાવો ના થાય ? શું થાય પસ્તાવો ? આવું ના થાય તો સારું. પણ છતાંય થઈ જ જાય, પાછલા સંસ્કાર છે ને !

જેને કોઈ ના સંઘરે તેને દાદા સંઘરે

પ્રશ્નકર્તા : હા, એટલે સંતોની કે દાદા ભગવાનની કૃપા હોય, પણ કૃપાને પાત્ર થઈ અને એને આચરણમાં મૂકવા તો પ્રયત્ન કરવો જોઈએ ને માણસે ?

દાદાશ્રી : એવું છે ને, કે અમે અક્રમ માર્ગ એટલા માટે કાઢ્યો, અક્રમ !

પ્રશ્નકર્તા : અક્રમ એટલે ક્રમ જ નહીં એનો.

દાદાશ્રી : ક્રમ જ નહીં. કારણ કે આ લોકો ક્રમમાં, દેવાળામાં, દેવાળું ફૂંકે એવી સ્થિતિમાં આવી ગયેલા છે. એમનું જે ક્રમ છે તે ક્રમમાં જો સુધારો કરવા જઈએ તો દેવાળું નીકળે એવી સ્થિતિમાં છે. તો ક્યારે આનો સુધારો થાય ?

પ્રશ્નકર્તા : બહુ વાર લાગે ને લોકો દુઃખી થાય.

દાદાશ્રી : અને એક ગુણ સુધરતો નથી. સાધુઓનોય નથી સુધરતો ને, બળ્યો ! એટલે અમે સાયન્ટિફિકલી શોધખોળ કરી, કે આ રસ્તો ખોટો છે અત્યારે. એટલે આ જુદો રસ્તો મારે પકડવો પડ્યો, અક્રમ વિજ્ઞાન આખું. આખું સિદ્ધાંતિક વિજ્ઞાન છે. તરત જ ફળ આપનારું ! આચાર-બાચાર ફેરવે નહીં. આચાર તો મહીં હશે એટલા ખલાસ થાય ત્યારે ફરી રહેશે.

પ્રશ્નકર્તા : ક્રમિક માર્ગમાં ત્યાગ કરવાની વાત કરે.

દાદાશ્રી : ત્યાગ કરો, ત્યાગ કરો. વ્યસનોનો ત્યાગ કરો બધા.

વ્યસનનો ત્યાગ પહેલેથી કરાવે, ત્યાર પછી તો મહીં પેસવા દે. આમનું કરવાનું શું ત્યારે આ માણસો બિચારાનું ? આમના માટે દવાખાના ના જોઈએ કંઈ ? તેથી આપણા દવાખાનામાં બધાને સંઘરીએ છીએ. જેને કોઈ ના સંઘરે તેને આપણે ત્યાં સંઘરવામાં આવે છે. અને મેં આગલે દહાડે કહ્યું હોત, કે વ્યસનો તરત છોડીને આવ અહીં આગળ, તો હું જ્ઞાન આપું. તો એ જતો રહેત.

પોતાનો સંસાર રોગ ગયો તેથી બીજાનો પણ કાઢી આપે

પ્રશ્નકર્તા : દાદા, એ દર્દી તો ખરો જ ને ?

દાદાશ્રી : બધા દર્દી જ છે ને ! માટે જ દારૂ પીવો પડે છે. દારૂ કેમ પીવો પડે ? સિગરેટો કેમ પીવી પડે ? દર્દી છે. ચા કેમ પીવી પડે છે ? ત્યારે કહે, દર્દી છે. બીડી-દારૂ એ બધાય રોગ જ છે. તે રોગ છે માટે તેની દવા કરો.

પ્રશ્નકર્તા : પણ દાદા, આપે તો એવું દવાખાનું ખોલ્યું છે, કે કોઈને પૂછતા નથી કે તું આ દર્દ ક્યાંથી લાવ્યો ને શું તારું દર્દ છે ? દર્દ જ કાઢી નાખો છો.

દાદાશ્રી : દર્દ ક્યાંથી લાવ્યો, એવું કહેવું એ ગુનો છે. દર્દ તો, આ સંસાર રોગ છે, એમાં રોગની જાતજાતની ડિઝાઈનો હોય એટલું જ છે. પણ નામ એક જ 'સંસાર રોગ' ! ડિઝાઈન જુદી જુદી હોય. જાતજાતની ડિઝાઈન હોય, પણ રોગ એક જ પ્રકારનો, 'સંસાર રોગ' ! તે અમારો સંસાર રોગ ગયો તેથી તમારો કાઢી આપીએ ! તમારો ગયો ને, બરોબર હવે ?

પ્રશ્નકર્તા : દાદા, એ ઔષધ જે ભવરોગના આપે આપ્યા એટલે પછી હવે જાય ને !

દાદાશ્રી : હા, હા. જુઓ ને, રોગ જતા રહે છે ને પણ ! એય અજાયબી જ છે ને ! સંસાર રોગ માટે કોઈ દવા નથી, જ્ઞાની પુરુષ

સિવાય. જે સંસાર રોગથી મુક્ત થયા છે, એ (એમની પાસે ગયા) સિવાય બીજી કોઈ દવા નથી. તમને કેવા દાદા મળી ગયા, રોગ કાઢી નાખ્યો હડહડાટ !

અને અમારું આ વિજ્ઞાન એવું છે, બધા દોષો છૂટી જાય એવું છે. આપણું આ વિજ્ઞાન શું કામ કરે છે ? સંસાર રોગને નાશ કરે છે. જેટલું નાશ થાય છે એટલાની રક્ષા કરે છે. એ જેટલો રોગ નાશ થયો ને, તેટલી તંદુરસ્તી ઉત્પન્ન થઈ, એ તંદુરસ્તીની રક્ષા કરે છે અને નવો રોગ થવા ના દે, એવું આપણું વિજ્ઞાન છે. તમામ પ્રકારના રોગેય જાય, દેહના રોગેય જાય, સંસાર રોગેય જાય, મોક્ષનુંય થાય, બધું થાય.

- જય સચ્ચિદાનંદ

દાદા ભગવાન પ્રરૂપિત આધ્યાત્મિક પ્રકાશનો

૧. આત્મસાક્ષાત્કાર (પરિચય પુસ્તિકા)	૨૬. ક્લેશ વિનાનું જીવન
૨. ભોગવે તેની ભૂલ	૨૭. સહજતા
૩. બન્યું તે જ ન્યાય	૨૮-૨૯. પ્રતિક્રમણ (સં., ગ્રં.)
૪. એડજસ્ટ એવરીવ્હેર	૩૦-૩૧. પતિ-પત્નીનો દિવ્ય વ્યવહાર (સં., ગ્રં.)
૫. અથડામણ ટાળો	૩૨-૩૩. મા-બાપ છોકરાંનો વ્યવહાર (સં., ગ્રં.)
૬. ચિંતા	૩૪-૩૫. પૈસાનો વ્યવહાર (સં., ગ્રં.)
૭. ક્રોધ	૩૬-૩૮. સમજથી પ્રાપ્ત બ્રહ્મચર્ય (સં., ગ્રં.-પૂ.,ઉ.)
૮. માનવધર્મ	૩૯. વાણીનો સિદ્ધાંત
૯. સેવા-પરોપકાર	૪૦. આપ્તસૂત્ર
૧૦. હું કોણ છું ?	૪૧. આપ્તવાણી-૧
૧૧. દાદા ભગવાન ?	૪૨. આપ્તવાણી-૨
૧૨. ત્રિમંત્ર	૪૩. આપ્તવાણી-૩
૧૩. દાન	૪૪. આપ્તવાણી-૪
૧૪. મૃત્યુ સમયે, પહેલાં અને પછી	૪૫. આપ્તવાણી-૫-૬
૧૫. ભાવના સુધારે ભવોભવ	૪૬. આપ્તવાણી-૭
૧૬. વર્તમાન તીર્થંકર શ્રી સીમંધર...	૪૭. આપ્તવાણી-૮
૧૭. કર્મનું વિજ્ઞાન	૪૮. આપ્તવાણી-૯
૧૮. પાપ-પુણ્ય	૪૯-૫૦. આપ્તવાણી-૧૦ (પૂ., ઉ.)
૧૯. સત્ય-અસત્યના રહસ્યો	૫૧-૫૨. આપ્તવાણી-૧૧ (પૂ., ઉ.)
૨૦. અહિંસા	૫૩-૫૪. આપ્તવાણી-૧૨ (પૂ., ઉ.)
૨૧. પ્રેમ	૫૫-૫૬. આપ્તવાણી-૧૩ (પૂ., ઉ.)
૨૨. ચમત્કાર	૫૭-૬૧. આપ્તવાણી-૧૪ (ભાગ ૧-૫)
૨૩. વાણી, વ્યવહારમાં...	૬૨-૬૬. જ્ઞાની પુરુષ (ભાગ ૧-૫)
૨૪. નિજદોષ દર્શનથી, નિર્દોષ	૬૭-૬૮. વ્યસન મુક્તિ... (સં., ગ્રં.)
૨૫. ગુરુ-શિષ્ય	

(ગ્રં.-ગ્રંથ, સં.-સંક્ષિપ્ત, પૂ.-પૂર્વાર્ધ, ઉ.-ઉતરાર્ધ)

પરમ પૂજ્ય દાદા ભગવાનના હિન્દી, મરાઠી, પંજાબી, ઉડીયા, બંગાળી, આસામી, મણીપુરી, તેલુગુ, તમિલ, કન્નડ, મલયાલમ જેવી પ્રાદેશિક ભાષાઓમાં તથા અંગ્રેજી, જર્મન, પોર્ટુગીઝ, સ્પેનિશ, રશિયન જેવી વિદેશી ભાષાઓમાં ભાષાંતરિત થયેલા પુસ્તકો પણ ઉપલબ્ધ છે.

'દાદાવાણી' મેગેઝિન દર મહિને ગુજરાતી - હિન્દી - અંગ્રેજી ભાષાઓમાં પ્રકાશિત થાય છે.

સંપર્ક સૂત્ર - દાદા ભગવાન ફાઉન્ડેશન

અડાલજ (મુખ્ય કેન્દ્ર) : **ત્રિમંદિર,** સીમંધર સીટી, અમદાવાદ-કલોલ હાઈવે, અડાલજ-૩૮૨૪૨૧, જિ. ગાંધીનગર. **ફોન :** ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭

અમદાવાદ : **દાદા દર્શન,** ૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૪. **ફોન :** ૯૫૭૪૦૦૧૪૪૫

વડોદરા : (૧) **ત્રિમંદિર,** બાબરીયા કોલેજ (BITS)ની પાસે, વડોદરા-સુરત હાઈવે, વરણામા ગામ, વડોદરા. **ફોન :** ૯૫૭૪૦૦૧૫૫૭
(૨) **દાદામંદિર,** ૧૭, મામાની પોળ, રાવપુરા પોલીસ સ્ટેશનની સામે, સલાટવાડા, વડોદરા. **ફોન :** ૯૯૨૪૩૪૩૩૩૫

ભાદરણ : **ત્રિમંદિર,** સ્ટેશન રોડ. **ફોન :** ૯૯૨૪૩૪૩૭૨૯

રાજકોટ : **ત્રિમંદિર,** અમદાવાદ-રાજકોટ હાઈવે, તરઘડીયા ચોકડી પાસે, માલિયાસણ, રાજકોટ. **ફોન :** ૯૯૨૪૩૪૩૪૭૮

સુરત : **દાદા દર્શન,** મમતાપાર્ક સોસાયટી, કાપોદરા પોલીસ સ્ટેશન પાસે, વરાછા રોડ, સુરત. **ફોન :** ૯૫૭૪૦૦૮૦૦૭

ગોધરા : **ત્રિમંદિર,** ભામૈયા ગામ, એફ.સી.આઈ. ગોડાઉનની સામે, ગોધરા, જિ. પંચમહાલ. **ફોન :** ૯૭૨૩૭૦૭૭૩૮

સુરેન્દ્રનગર : **ત્રિમંદિર,** સુરેન્દ્રનગર-રાજકોટ હાઈવે, લોક વિદ્યાલય પાસે, મુળી રોડ, સુરેન્દ્રનગર. **ફોન :** ૯૭૩૭૦૪૮૩૨૨

મોરબી : **ત્રિમંદિર,** પો. જેપુર, નવલખી રોડ, જિ. મોરબી. **ફોન :** ૯૯૨૪૩૪૧૧૮૮

ભુજ : **ત્રિમંદિર,** હિલ ગાર્ડનની પાછળ, એરપોર્ટ રોડ, સહયોગનગર પાસે, ભુજ (કચ્છ). **ફોન :** ૯૯૨૪૩૪૫૫૮૮

અંજાર : **ત્રિમંદિર,** અંજાર-મુન્દ્રા રોડ, સીનોગ્રા પાટીયા પાસે, સીનોગ્રા ગામ, તા. અંજાર. **ફોન :** ૯૯૨૪૩૪૬૬૨૨

જામનગર : **ત્રિમંદિર,** વ્રજભૂમિ-૧ સામે, TGES સ્કૂલ પાસે, માણેકનગર, ચેમ્બર ઓફ કોમર્સની બાજુનો રોડ. **ફોન :** ૯૯૨૪૩૪૩૬૮૭

અમરેલી : **ત્રિમંદિર,** લીલીયા રોડ બાયપાસ ચોકડી, ખારાવાડી. **ફોન :** ૯૯૨૪૩૪૪૪૬૦

મુંબઈ : **ત્રિમંદિર,** ઋષિવન, અભિનવનગર રોડ, લા વિસ્ટા બિલ્ડીંગ પાસે, કાજુપાડા, બોરીવલી (ઈસ્ટ). **ફોન :** ૯૩૨૩૫૨૮૯૦૧

જૂનાગઢ : **ત્રિમંદિર,** ખામધ્રોલ ચોકડી, જૂનાગઢ બાયપાસ રોડ. **ફોન :** ૯૯૨૪૩૪૪૪૮૯

ધ્રાંગધ્રા : **ત્રિમંદિર,** હળવદ રોડ, ધ્રાંગધ્રા. **ફોન :** ૯૪૨૭૬૬૪૮૫૪

દિલ્હી	: ૯૮૧૦૦ ૯૮૫૬૪	**બેંગ્લોર**	: ૯૫૯૦૯ ૭૯૦૯૯
ચેન્નઈ	: ૭૨૦૦૭ ૪૦૦૦૦	**કોલકતા**	: ૯૮૩૦૦ ૯૩૨૩૦

U.S.A.	: +1 877-505-DADA (3232)	**Singapore**	: +65 91457800
U.K.	: +44 330-111-DADA (3232)	**Australia**	: +61 402179706
Kenya	: +254 795-92-DADA (3232)	**New Zealand**	: +64 21 0376434
UAE	: +971 557316937		

વેબસાઈટ : www.dadabhagwan.org



છૂટે વ્યસનો આ રીતે

વ્યસનથી મુક્ત થવા આ 'ખોટું' છે એવો ખ્યાલ નિરંતર રહેવો જોઈએ. કોઈ બીડીઓ પીતો હોય, ના ગમતું હોય, છૂટતી ના હોય, તો ભગવાન પાસે શક્તિ માગ માગ કરવાની, કે 'ના પીવાય, ના પિવડાવાય ને પીતા પ્રત્યે ન અનુમોદાય તેવી શક્તિ આપો.' તો એનાથી કરારો છૂટા થાય. કોઈ માણસ એમ કહે, કે 'આવું ખોટું શું કરવા કરો છો ?' તે ઘડીએ આપણે ઉપરાણું નહીં લેવું. ઉપરાણું ના લે, તો એન્ડ આવે.

વ્યસન ભલે ના છૂટે પણ આ હંડ્રેડ પરસેન્ટ ખોટી જ વસ્તુ છે. એ નિશ્ચય ના ખસવો જોઈએ. તમારું નિશ્ચયબળ જોઈએ, અમે વચનબળ આપવા તૈયાર છીએ. બધું છૂટી જાય એમ ને એમ અમારા શબ્દથી જ !

\- દાદાશ્રી

પૂજ્ય દીપકભાઈ દાદાની દીવ સળગાવ

dadabhagwan.org

9 789391 375812

Printed in India

Price ₹20